**Pembroke પબ્લિક સ્કૂલ્સ**

# સ્ટુડન્ટ એન્ડ ફેમિલી હેન્ડબુક

## 2024-2025

**Bryantville એલિમેન્ટરી સ્કૂલ**
**Hobomock એલિમેન્ટરી સ્કૂલ**
**North Pembroke એલિમેન્ટરી સ્કૂલ**

કોઇપણ વ્યક્તિને Pembroke પબ્લિક સ્કૂલ્સમાં પ્રવેશ, અથવા જાતિ, રંગ, લિંગ, લિંગ ઓળખ, રાષ્ટ્રીય મૂળ અથવા જાતીય અભિગમના કારણે આવી જાહેર શાળાના અભ્યાસના લાભો, વિશેષાધિકારો અને અભ્યાસક્રમો મેળવવાથી બાકાત અથવા ભેદભાવ કરવામાં આવશે નહીં.

Pembroke પબ્લિક સ્કૂલ્સ સલામત, સમ્માનજનક અને સહાયક શિક્ષણ વાતાવરણ પૂરું પાડવાનો પ્રયત્ન કરે છે, જેમાં તમામ વિદ્યાર્થીઓ તેની શાળાઓમાં પ્રગતિ કરી શકે અને સફળ થઈ શકે. Pembroke પબ્લિક સ્કૂલ્સ જાતિ, રંગ, લિંગ, લિંગ ઓળખ, ધર્મ, રાષ્ટ્રીય મૂળ અથવા જાતીય અભિગમના આધારે ભેદભાવ પર પ્રતિબંધ લગાવે છે અને એ વાતની ખાતરી કરે છે કે તમામ વિદ્યાર્થીઓને તકો, ફાયદાઓ, વિશેષાધિકારો અને ભણતરના અભ્યાસક્રમના સમાન વપરાશ તથા સમાન મનોરંજનના અધિકાર છે.

# અનુક્રમણિકા


સંચાલન ..... 3

શાળા સમિતિ ..... 3

અમારી મુખ્ય માન્યતાઓ ..... 5

અમે માનીએ છીએ ..... 5

તમામ બાળકો માટે અમારા લક્ષ્યો ..... 5

શૈક્ષણિક અખંડિતતા ..... 6

પ્રવેશ નીતિ ..... 7

શાળા પછીની સહાય અને પ્રવૃત્તિઓ ..... 8

ઘરે અથવા હોસ્પિટલમાં શૈક્ષણિક સેવા ..... 9

બદમાશી, સતામણી અને ભેદભાવ ..... 10

સંચાર (વાતચીત) ..... 12

શિસ્ત કોડ ..... 13

ઓછી ચિંતા ..... 14

મધ્યમ ચિંતા ..... 14

37H હેઠળ બહિષ્કરણ/હકાલપટ્ટી ..... 21

37 H 1/2 હેઠળ ગુનાહિત ફરિયાદ અથવા પ્રતીતિ (ગુનાની સાબિતી) ..... 22

વિદ્યાર્થીનું જોખમ મૂલ્યાંકન ..... 23

વિદ્યાર્થીઓના શિસ્ત માટેની પ્રક્રિયાત્મક જરૂરિયાતો હજુ સુધી યોગ્ય નક્કી કરવામાં આવી નથી ..... 24

અસમર્થ (ડિસેબલ) વિદ્યાર્થીઓ માટે શિસ્ત ..... 25

ભેદભાવ, શીર્ષક IX અને નાગરિક અધિકાર ..... 26

બરતરફ ..... 27

ડ્રગ પોલિસી ..... 28

આલ્કોહોલનો ઉપયોગ ..... 28

ફિલ્ડ ટ્રિપ્સ ..... 28

પ્રમોશન (આગળના ક્લાસમાં જવું) અને રીટેન્શન (એ જ ક્લાસમાં રહેવું) માટેની માર્ગદર્શિકા ..... 28

આરોગ્ય સેવાઓ ..... 29

આરોગ્ય અને જાતીય શિક્ષણ ..... 29
બેઘર વિદ્યાર્થીઓ..... 30
ગૃહકાર્ય નીતિ ..... 30
ગરમ ભોજન અને નાસ્તાનો કાર્યક્રમ ..... 30
ઇન્ટરનેટ સલામતી અને સ્વીકાર્ય ઉપયોગ નીતિ..... 31
દેખરેખ હેઠળ ઉપયોગ ..... 31
ફિલ્ટર કરેલ ઍક્સેસ ..... 31
જવાબદારી..... 31
લાઇબ્રેરી..... 32
સામગ્રી પસંદગી નીતિ..... 32
આઉટડોર રીસેસ (બાહ્રી વિશ્રામ) ..... 32
માતાપિતા / શિક્ષક પરિષદો..... 32
શાળા બંધ કરવાની અને ઈમરજન્સી ઘોષણાઓ..... 33
વિભાગ 504 શાળા આવાસ યોજના ..... 34
જાતીય સતામણી ..... 34
નિષ્ણાતો..... 34
પહેરવેશના માપદંડો ..... 34
સહાય સેવાઓ..... 34
ટેકનોલોજીનો ઉપયોગ ..... 36
પરીક્ષણ અને મૂલ્યાંકન..... 40
રિપોર્ટ કાર્ડો..... 40
દસ્તાવેજોનું ભાષાંતર..... 40
પરિવહન..... 41
સ્વયંસેવક કાર્યક્રમ ..... 41
નાગરિક અધિકાર કાયદા/ડિસ્ટ્રિક્ટ સંયોજક માહિતી ..... 43

**સંચાલન**

| **ડિસ્ટ્રિક્ટ સંચાલન** | **Bryantville એલિમેન્ટરી સ્કૂલ** |
|---|---|
| **Erin Obey, અધિક્ષક**<br>**Marybeth Brust, સહાયક અધિક્ષક**<br>**Jessica DeLorenzo, વિદ્યાર્થી સેવાઓના નિયામક**<br>72 Pilgrim Road<br>Pembroke, MA 02359<br>ફોન: 781-829-0832 | **Jennifer Simmons, આચાર્ય**<br>**Traci Costa, સહાયક આચાર્ય**<br>29 Gurney Drive<br>Pembroke, MA 02359<br>ટેલિફોન: (781) 293-5411 |
| **Hobomock એલિમેન્ટરી સ્કૂલ** | **North Pembroke એલિમેન્ટરી સ્કૂલ** |
| **Ashley Cross, આચાર્ય**<br>**Nick Hannigan, સહાયક આચાર્ય**<br>81 Learning Lane<br>Pembroke, MA 02359<br>ટેલિફોન: (781) 294-0911 | **Michael Murphy, આચાર્ય**<br>**Valerie Charpentier, સહાયક આચાર્ય**<br>72 Pilgrim Road<br>Pembroke, MA 02359<br>ટેલિફોન: (781) 826-5115 |

## શાળા સમિતિ

Patrick Chilcott, અધ્યક્ષ

Allison Glennon, ઉપાધ્યક્ષ

Susan Bollinger, સભ્ય

David Boyle, સભ્ય

Katrina Delaney, ક્લાર્ક

*શાળા સમિતિની બેઠકો દર મહિનાના પ્રથમ અને ત્રીજા મંગળવારે સાંજે 6:00 વાગ્યે North Pembroke એલિમેન્ટરી સ્કૂલની લાઇબ્રેરીમાં યોજાય છે, સિવાય કે અન્યથા સૂચિત ના કરવામાં આવે. Pembroke શાળા સમિતિ આ બેઠકોમાં લોકોને આમંત્રણ આપે છે.*

## માતાપિતા/શિક્ષક સંસ્થાઓ

અમારી શાળાઓની માતાપિતા/શિક્ષક સંસ્થાઓ (PTO) દરેક પ્રાથમિક શાળા (એલિમેન્ટરી સ્કૂલ) માં યોજાયેલી માસિક બેઠકોનું સંચાલન કરે છે. બધા માતાપિતા હાજર રહેવા માટે આવકાર્ય છે.

**Bryantville**

**Bryantville/ PTO ઇમેઇલ: info@bryantvillepto.com**

| | |
|---|---|
| પ્રમુખ | Brittany Dunn |
| ઉપપ્રમુખ | Julianne Parker |
| સેક્રેટરી | Maura McMahon |
| ખજાનચી | Erin Libbey |

**Hobomock/ PTO ઇમેઇલ: hobomock@gmail.com**

| | |
|---|---|
| પ્રમુખ | Katie McPhail |
| ઉપપ્રમુખ | Helen McElroy |
| ઉપપ્રમુખ | Katie Wozniak |
| ખજાનચી | Joanna Lu |
| સેક્રેટરી | Heather Duggan |

**North Pembroke/ PTO ઈમેઈલ: northpembrokepto@gmail.com**

| | |
|---|---|
| પ્રમુખ | Laura Driscoll |
| ઉપપ્રમુખ | Missy Tupa |
| સહ-ખજાનચી | Casey Holland |
| સેક્રેટરી | Caitlin Evans |
| સંચાર | Sarah O’Donnell |
| ટીચર સંપર્ક | Jessica Conn તથા Jenna Rushton |

Pembroke પબ્લિક સ્કૂલ્સ સલામત, સમ્માનજનક અને સહાયક શિક્ષણ વાતાવરણ પૂરું પાડવાનો પ્રયત્ન કરે છે, જેમાં તમામ વિદ્યાર્થીઓ તેની શાળાઓમાં પ્રગતિ કરી શકે અને સફળ થઈ શકે. Pembroke પબ્લિક સ્કૂલ્સ જાતિ, રંગ, લિંગ, લિંગ ઓળખ, ધર્મ, રાષ્ટ્રીય મૂળ અથવા જાતીય અભિગમના આધારે ભેદભાવ પર પ્રતિબંધ લગાવે છે અને એ વાતની ખાતરી કરે છે કે તમામ વિદ્યાર્થીઓને તકો, ફાયદાઓ, વિશેષાધિકારો અને ભણતરના અભ્યાસક્રમના સમાન વપરાશ તથા સમાન મનોરંજનના અધિકાર છે.

અમારા પ્રયત્નોમાં નીચેનાનો સમાવેશ થાય છે:
- સારી નાગરિકતા અને પાત્રને પ્રોત્સાહન;
- સલામતીના મુદ્દાઓ પર ખુલ્લેઆમ ચર્ચા કરવી;
- અર્થપૂર્ણ કુટુંબની ભાગીદારી;
- તમામ બાળકો માટે શૈક્ષણિક સફળતાને પ્રોત્સાહન;
- સમુદાય સાથે જોડાણોનો વિકાસ;
- વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ વચ્ચેના સકારાત્મક સંબંધો પર ભાર મૂકવો;
- સમાધાનો માટે સમસ્યાઓની ઓળખ અને રેફરલ (સંદર્ભ);
- બાળકોને લાગણીઓને સુરક્ષિત રીતે ઓળખવામાં અને વ્યક્ત કરવામાં મદદ કરવી;
- વિદ્યાર્થીઓ સાથે આદરપૂર્વક વર્તન કરવું.

## અમારી મુખ્ય માન્યતાઓ


અમે માનીએ છીએ**:**
- સલામત અને આમંત્રિત શાળાઓ બનાવવા અને જાળવવામાં.
- બધા બાળકો શિક્ષણ મેળવી શકે અને વિવિધ રીતે શિક્ષણનું પ્રદર્શન કરી શકે.
- દરેક વિદ્યાર્થીએ આપણા લોકશાહી સમાજ અને વૈશ્વિક સમુદાયમાં ફાળો આપવો જોઈએ.
- વિદ્યાર્થીઓના શ્રેષ્ઠ હિતમાં નિર્ણયો લેવા અને કાર્ય કરવામાં.
- શાળા સમુદાયના દરેક સભ્યની કદર તથા આદર થવો જોઈએ.
- એક એવા શાળા સમુદાયમાં કે જે નૈતિક, નાગરિક, અને વ્યક્તિગત ભેદભાવોનો આદર કરે છે.
- મજબૂત નાગરિક, વ્યવસાય, અને સમુદાય ભાગીદારીમાં જે વિદ્યાર્થીની સિદ્ધિમાં સહાયરૂપ બને.

### બધા બાળકો માટે અમારા લક્ષ્યો

*પોતાની સર્વશ્રેષ્ઠ ક્ષમતાઓ અનુસાર, બધા વિદ્યાર્થીઓ:*
- સમજણ તથા મનોરંજન માટે વાંચશે;
- બોલીને, લખીને અને સાંભળીને અસરકારક રીતે વાતચીત કરશે;
- ગણિતનો ઉપયોગ પ્રાયોગિક (પ્રેક્ટિકલ) તેમજ સૈદ્ધાંતિક (થિયોરીટીકલ) સાધન તરીકે કરશે;
- ધ્વનિ તર્કના આધારે નિર્ણયો કરશે;
- શારીરિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન મળે તેવી કુશળતા, વલણ, અને જ્ઞાન વિકસાવશે;
- અખંડિતતા, સખત મહેનત અને અન્યના અધિકારો અને મૂલ્યોનું આદર કરશે;
- કલા દ્વારા પોતાની કુશળતા, સંવેદનશીલતા અને કલ્પનામાં વિકાસ કરશે;
- વૈજ્ઞાનિક ખ્યાલોનું મૂળભૂત જ્ઞાન પ્રાપ્ત કરશે અને તેને પર્યાવરણ પર લાગુ કરશે;
- અન્ય લોકો અને તેઓની જીવનશૈલીનું આદર અને પ્રશંસા કરશે;
- શાળા અને સમુદાયમાં આદર તથા ગૌરવનો વિકાસ કરશે;
- તેમના પોતાના મૂલ્ય, આવડત અને ક્ષમતાને જાણશે અને પ્રશંસા કરશે અને તેઓની મર્યાદાઓનો સ્વીકાર કરશે અને તેઓની વ્યક્તિગત સિદ્ધિઓમાં ગૌરવનો વિકાસ કરશે;
- કાર્ય, અભ્યાસ અને રમતમાં સ્વ-શિસ્તને લગતી ક્ષમતા વિકસાવશે.

*શાળાઓ:*

- દરેક બાળકની ભાવનાત્મક, સામાજિક, બૌદ્ધિક, અને શારીરિક જરૂરિયાતોની ઓળખ કરશે;
- સંવર્ધન અથવા ઉપાય પ્રદાન કરશે;
- સકારાત્મક સ્વ-છબીને પ્રોત્સાહન મળે તેવી તકો પૂરી પાડશે;
- માતાપિતા, શાળા અને સમુદાયની વચ્ચે અર્થપૂર્ણ સંચાર અને ભાગીદારી જાળવશે અને પ્રોત્સાહન આપશે;
- તકો પૂરી પાડશે જેથી સ્ટાફ શૈક્ષણિક સંશોધન અને શિક્ષણને લઈને જાણકાર રહી શકે;
- એવું પર્યાવરણ પૂરું પાડશે જે શાળાના ઉદ્દેશો માટે સહાયક હોઈ શકે;
- સારા આરોગ્ય અને સલામતીને પ્રોત્સાહન આપે તેવા જ્ઞાન, ટેવો અને વલણને પ્રોત્સાહન આપશે.




## **શૈક્ષણિક અખંડિતતા**

શાળા સમુદાયની સુખાકારી માટે શૈક્ષણિક પ્રામાણિકતા એ જરૂરી ભાગ છે. Pembroke શાળાઓ અપેક્ષા રાખે છે કે દરેક વિદ્યાર્થી હોમવર્ક, વર્ગ કાર્ય, પ્રોજેક્ટ્સ, ટેક-હોમ પરીક્ષણો, નિબંધો, આકારણીઓ અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓની તૈયારીમાં પ્રામાણિક રહેશે. વિદ્યાર્થીઓ પાસેથી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ ટીચરની મદદ લે જો તેઓ કોઈ ચોક્કસ શૈક્ષણિક એસાઈમેન્ટની આવશ્યકતાઓને લઈને અનિશ્ચિત (ઢચુપચુ) હોય તો. વિદ્યાર્થીઓએ પોતાના કાર્યની મૌલિકતાનું મૂલ્યાંકન કરવા માટે સતત તેની દેખરેખ રાખવી જોઈએ અને જ્યારે તેઓ અનિશ્ચિત હોય ત્યારે મદદ માંગવી જોઈએ. જ્યારે શૈક્ષણિક પ્રામાણિકતાનું ઉલ્લંઘન થાય છે અથવા શંકા ઉદ્ભવે છે, ત્યારે ટીચર શક્ય તેટલી વહેલી તકે વિદ્યાર્થી સાથે આ બાબત અંગે ચર્ચા કરશે. છેતરપિંડીની ઘટનાઓ આચાર્ય અથવા સહાયક આચાર્યના ધ્યાન હેઠળ લાવવામાં આવશે.

અમારા શાળા સમુદાયના તમામ સભ્યોએ શૈક્ષણિક અપ્રમાણિકતાની વ્યાખ્યાની માહિતી આપવી જોઈએ. વિદ્યાર્થીઓ, ટીચરો, તથા પરિવારો બધાએ નીચેની બાબતોને ધ્યાનમાં લેવી  જોઈએ:

**છેતરપિંડી**: પરીક્ષા અથવા ટેસ્ટ, અથવા હોમવર્ક અથવા એસાઈમેન્ટને ખોટી રીતે પૂર્ણ કરવા, જેમ કે જવાબોની નકલ કરવી અથવા અન્ય ખોટી રીતે જવાબો સુધી પહોંચવું; આ છેતરપિંડીનું કાર્ય છે જેના દ્વારા વિદ્યાર્થીને લઈને ખોટી સમજ ઊભી થયા છે કે તેણે આ માહિતીને લઈને નિપુણતા પ્રાપ્ત કરી લીધી છે પણ ખરેખર તેણે કરેલ હોતી નથી.

**સાહિત્યચોરી**: અન્ય વ્યક્તિના વિચારો, લખાણો, શોધ (વગેરે) ને પોતાના રીતે વ્યક્ત કરવું, તેનો ઉપયોગ કરવો અને પ્રસ્તુત કરવા. કોઈ વિદ્યાર્થીનું કાર્ય કે જે મુખ્યત્વે તેનું પોતાનું નથી, જેમાં નકલ કરવામાં આવેલ છે, પેરાફ્રેઝ્ડ (વ્યાખ્યાયિત) કરવામાં આવેલ છે, અથવા સારાંશવાળી સામગ્રીનો ઉપયોગ સ્રોતો વિના કરવામાં આવલે છે તેને સાહિત્યચોરી ગણવામાં આવે છે. અજાણતાં કરવામાં આવેલ સાહિત્યચોરી પણ સાહિત્યચોરી જ છે.

## પ્રવેશ નીતિ

કોઇપણ વ્યક્તિને Pembroke પબ્લિક સ્કૂલ્સમાં પ્રવેશ, અથવા જાતિ, રંગ, લિંગ, લિંગ ઓળખ, રાષ્ટ્રીય મૂળ અથવા જાતીય અભિગમના કારણે આવી જાહેર શાળાના અભ્યાસના લાભો, વિશેષાધિકારો અને અભ્યાસક્રમો મેળવવાથી બાકાત અથવા ભેદભાવ કરવામાં આવશે નહીં.

### કિન્ડરગાર્ટન

જે બાળકોની ઉંમર 1 સપ્ટેમ્બરના રોજ અથવા તે પહેલાં પાંચ વર્ષની થયેલ છે તેઓ કિન્ડરગાર્ટન કાર્યક્રમમાં પ્રવેશ મેળવી શકે છે. કોઈ બાળકને કિન્ડરગાર્ટનમાં હાજરી આપવી જરૂર નથી.

### પ્રથમ ગ્રેડ

કોઈપણ બાળક કે જે 1 નવેમ્બરના રોજ અથવા તે પહેલાં છ વર્ષનું થયેલ છે અથવા જેણે કિન્ડરગાર્ટનનું એક વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે, તેને ગ્રેડ 1 માં દાખલ કરવામાં આવશે. આ માપદંડોને પૂર્ણ કર્યા વિના અન્ય જિલ્લા અથવા ખાનગી પ્રોગ્રામમાંથી ગ્રેડ 1 માં પ્રવેશ મેળવવા માટે, આચાર્યની વિવેકબુદ્ધિથી, 20-દિવસનું કામચલાઉ પ્લેસમેન્ટ આપવામાં આવી શકે છે.

## રોગપ્રતિરક્ષા

Pembroke સ્કૂલ્સમાં ભણતા જાહેર શાળાના વિદ્યાર્થીઓએ M.G.L. અધ્યાય 76, વિભાગ 15 માં નિર્ધારિત તમામ રોગો સામેનું સફળ રસીકરણની ખાતરી આપતું ચિકિત્સકનું એક પ્રમાણપત્ર રજૂ કરવું જરૂરી રહેશે અને જાહેર આરોગ્ય વિભાગ દ્વારા સમયાંતરે નિર્દિષ્ટ કરવામાં આવી શકે છે. આ રોગોમાં ડિપ્થેરિયા, ટિટાનસ, ઓરી, પેર્ટુસિસ, પોલિયોમેલિટિસ, અને અન્ય ચેપી રોગોનો સમાવેશ થાય છે જેને જાહેર આરોગ્ય વિભાગ દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવી શકે છે.

આ આવશ્યકતાઓનો અપવાદરૂપ પણ માનવામાં આવી શકે છે જ્યારે કોઈ ડોક્ટર પાસેથી લેખિત નિવેદન પ્રાપ્ત થાય અને એમાં લખવામાં આવેલ હોય કે તેમણે જાતે આ બાળકની તપાસ કરી છે અને રસીકરણ બાળકના હિતમાં નથી; અથવા વિદ્યાર્થીના માતાપિતા અથવા વાલી એમ કહેતા હોય કે રસી અથવા રસીકરણ વિદ્યાર્થી અથવા માતાપિતાની ધાર્મિક માન્યતાઓની વિરુદ્ધ છે. દરેક શાળા વર્ષની શરૂઆતમાં ડૉક્ટરના નિવેદનને ફરીથી જમા કરવાનું રહેશે. જે વિદ્યાર્થીઓએ રસી લીધેલ નથી અથવા તો રસી લેવાની પ્રક્રિયા હેઠળ ચાલી રહ્યા છે (તબીબી અને/અથવા ધાર્મિક છૂટ ધરાવતા લોકો સહિત), તેઓનો અમુક સંક્રમિત બાળકોના રોગની સ્થિતિઓમાં શાળામાં પ્રવેશ અટકાવવામાં આવી શકે છે. વધુમાં, સંઘીય કાયદા અનુસાર, બેઘર વિદ્યાર્થીને શાળામાં પ્રવેશ પામવા માટે પૂર્વશરત તરીકે રસીકરણનો પુરાવો રજૂ કરવાની જરૂર રહેશે નહીં.

## શાળા પછીની સહાય અને પ્રવૃત્તિઓ

ટીચરો શાળા પહેલા અથવા તો પછી વધારાની સહાય પૂરી પાડવા માટે ઉપલબ્ધ છે. વિદ્યાર્થીઓને શાળા પછીની પ્રવૃત્તિઓ જેવી કે સમૂહગીત (કોરસ), નાટક અને અન્ય ક્લબોમાં ભાગ લેવાની તકો પણ આપવામાં આવે છે. એલિમેન્ટરી ગ્રેડના વિદ્યાર્થીઓ માટે મોડી બસ સેવા ઉપલબ્ધ નથી. વિદ્યાર્થીઓને સમયસર લેવા માટે વાલીઓ તથા ટીચરોએ અગાઉથી વ્યવસ્થા કરવી જોઈએ.

## હાજરી અને મોડું થવું

રાજ્ય કાયદા મુજબ શાળામાં હાજરી ફરજિયાત છે અને હાજરી આપવા ઇચ્છુક જરૂરી વયની બહારના તમામ વિદ્યાર્થીઓ માટે ફાયદાકારક માનવામાં આવે છે. તેથી, શાળા સમિતિ શાળામાં સમયસર હાજરી લાગુ કરવા અને પ્રોત્સાહિત કરવા માટે તેની જવાબદારી નિભાવે છે. શાળામાં ગેરહાજરીને દૃઢતાપૂર્વક હતોત્સાહિત કરવામાં આવે છે કારણ કે તે વિદ્યાર્થીના શિક્ષણ પર નકારાત્મક અસર કરે છે અને શૈક્ષણિક પ્રક્રિયામાં વિક્ષેપ ઊભો કરે છે.

આચાર્ય, અથવા નિયુક્ત વ્યક્તિ, પત્રો અને/અથવા મીટિંગ્સના ઉપયોગ મારફતે હાજરીનું નિરીક્ષણ કરે છે અને માતાપિતાને હાજરીના મહત્વની યાદ અપાવે છે; માતાપિતાને હાજરી નીતિની યાદ અપાવે છે; હાજરીમાં સુધારો કરવા માટે સમસ્યાના એક અસરકારક ઉકેલની ઓળખ કરે છે અને વિદ્યાર્થીની ગેરહાજરી દ્વારા ઉદ્ભવેલ શિક્ષણ સંબંધિત મુદ્દાઓને સંબોધિત કરે છે.

શાળામાં મોડા પહોંચનાર બાળકે મુખ્ય કાર્યાલયમાં જઈને તપાસ કરવી જોઈએ કે તેઓની ગેરહાજરી નોંધવામાં આવી તો નથી ને. મોડા આવનાર વિદ્યાર્થીઓ સાથે માતાપિતાનું રહેવું આવશ્યક છે. વિદ્યાર્થીઓને ટાર્ડી પાસ (મોડા આવવા બદલ પાસ) આપવામાં આવશે અને પછી તેઓ પોતાના વર્ગખંડ તરફ આગળ વધશે. જો મોડા પહોંચવાના દિવસો વધી જશે તો આચાર્ય, અથવા નિયુક્ત વ્યક્તિના ધ્યાન હેઠળ લાવવામાં આવશે. આચાર્ય, અથવા નિયુક્ત વ્યક્તિ, વિદ્યાર્થીઓ અને માતાપિતા/વાલી સાથે મુલાકાત કરશે.

શાળામાં ગેરહાજરીનું સામાન્ય કારણ વ્યક્તિગત બીમારી છે; જો કે, માતાપિતા અથવા કાનૂની વાલીઓની વિનંતી પર ક્યારેક-ક્યારેક અન્ય કારણોસર વિદ્યાર્થીની ગેરહાજરીને મંજૂરી આપવામાં આવી શકે છે, જે નીચેના નિયમોને આધિન છે:

- જ્યારે શાળામાં ગેરહાજર રહેવું જરૂરી બને છે, ત્યારે માતાપિતાએ ગેરહાજરી લાઇનનો ઉપયોગ કરીને શક્ય તેટલી વહેલી તકે શાળાને જાણ કરવી જોઈએ. જો તમે અગાઉ તમારા વિદ્યાર્થીના ટીચરને સૂચના આપી દીધી હોય તો પણ કૃપા કરીને આ કરો. આ તમારા વિદ્યાર્થીની ગેરહાજરી વિશે જાણ કરવાનું મુખ્ય માધ્યમ છે. તમારા વિદ્યાર્થીની ગેરહાજરીનું કારણ અને તેઓ અનુભવી રહેલા કોઈપણ લક્ષણોને શામેલ કરવાનું ભૂલશો નહિ. **તમે મુખ્ય શાળાના ફોન નંબર પર કોલ કરીને અને વિકલ્પ 3 પસંદ કરીને હાજરી લાઈનનો ઉપયોગ કરી શકો છો**.
- કૃપા કરીને તમારા બાળકના ચિકિત્સક પાસેથી શાળા છૂટની નોંધો સીધી શાળાની નર્સને મોકલો.
  Bryantville: Valerie.phillips@pembrokek12.org
  Hobomock: Andrea.depaul@pembrokek12.org
  North Pembroke: Margaret.leach@pembrokek12.org

- કોઈ પણ વિદ્યાર્થી કે જે શાળામાં ગેરહાજર અથવા સસ્પેન્ડ (શાળામાં અથવા બહાર) રહ્યો છે, તેણે ગેરહાજરી અથવા સસ્પેન્શનના દિવસ અથવા સાંજે કોઈપણ શાળા પ્રવૃત્તિ અથવા કાર્યમાં ભાગ લેવો અથવા હાજરી આપવી જોઈએ નહીં, જ્યાં સુધી કે શાળાને ગેરહાજરી માટે ડોક્ટરની નોંધ (એટલે કે મેડિકલ એપોઇન્ટમેન્ટ) આપવામાં ન આવે. આ મંજૂરી આચાર્યની વિવેકબુદ્ધિ પર રહેશે.
- જો માતાપિતા/કાનૂની વાલીઓ વિદ્યાર્થીની વિસ્તૃત ગેરહાજરી અંગે શાળાનો સંપર્ક કરવામાં નિષ્ફળ નીવડે, તો શાળા ગેરહાજરીના 3 દિવસની અંદર માતાપિતા/વાલીઓનો સંપર્ક કરશે.
- મેસેચ્યુસેટ્સ જનરલ લો, પ્રકરણ 76, વિભાગ 1B અનુસાર, આચાર્યએ સૂચના આપવી જરૂરી છે કે કોઈ વિદ્યાર્થી 5 કે તેથી વધુ વખત ગેરહાજર રહે છે. એક એક્સક્યુઝ્ડ (યોગ્ય) ગેરહાજરીને વ્યક્તિગત બીમારી, જેની સાથે ચિકિત્સક તરફથી ગેરહાજરીનું કારણ લેખિતમાં હોય; કુટુંબમાં કોઈના મૃત્યુને કારણે ગેરહાજરી; ધાર્મિક રજાનું પાલન અથવા પ્રથા; વ્યક્તિગત ઉપસ્થિતિની જરૂરિયાતવાળી કોઈ કાનૂની બાબત; અથવા કૉલેજની મુલાકાત તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. આચાર્ય, અથવા નિયુક્ત વ્યક્તિ, એવા વિદ્યાર્થીના વાલીની મુલાકાત કરવાના વાજબી પ્રયત્નો કરશે કે જેની 5 કે તેથી વધુ ગેરહાજરી છે અને તેઓને મળીને એક્શન પ્લાન (કાર્ય યોજના) બનાવશે. ફરજિયાત હાજરી કાયદાની જોગવાઈઓ અનુસાર, કોઈપણ કારણોસર શાળામાં સતત ગેરહાજરી, અથવા ખાસ કરીને આળસ (કામચોરી) ને કારણે શાળામાં ગેરહાજરી, નું સમાધાન આચાર્ય દ્વારા કરવામાં આવશે.

**ઘરે અથવા હોસ્પિટલમાં શૈક્ષણિક સેવા**

ચિકિત્સકના લેખિત આદેશની પ્રાપ્તિ પર, જેમાં આ વાતની પુષ્ટિ કરવામાં આવેલ હોય કે જાહેર શાળા અથવા જાહેર શાળા દ્વારા કોઈ ખાનગી સેટિંગમાં ભણતા વિદ્યાર્થીને ચિકિત્સા કારણોસર એક દિવસ અથવા રાતના ધોરણે અથવા બંનેના કોઈપણ સંયોજન માટે, અને કોઈ પણ શાળા વર્ષમાં ઓછામાં ઓછા ચૌદ શાળા દિવસના સમયગાળા માટે ઘરે અથવા હોસ્પિટલમાં રહેવું આવશ્યક છે, તો વહીવટીતંત્ર (વિદ્યાર્થી સેવાઓના નિયામકના સંકલનમાં) ઘરે અથવા હોસ્પિટલમાં શૈક્ષણિક સેવાઓ પ્રદાન કરશે. આવી સેવાઓ વિદ્યાર્થીઓને પૂરતા આવર્તન (ફ્રિકવન્સી) ની સાથે પૂરી પાડવામાં આવશે જેથી કરીને તેઓના શૈક્ષણિક કાર્યક્રમમાં અડચણ ન ઊભું થાય, જ્યાં સુધી કે આવી સેવાઓ વિદ્યાર્થીઓની તબીબી જરૂરિયાતોમાં દખલ ઊભું ન કરે. આવી શૈક્ષણિક સેવાઓને ત્યાં સુધી ખાસ શિક્ષણ તરીકે ગણવામાં આવશે નહીં જ્યાં સુધી કે વિદ્યાર્થીઓને આવી સેવાઓ માટે પાત્ર માનવામાં આવતા નથી, અને સેવાઓમાં વિદ્યાર્થીઓના વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) પરની સેવાઓનો સમાવેશ ના હોય. ખાનગી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ વિશેષ શિક્ષણ પ્રક્રિયા દ્વારા પાત્ર સાબિત થવા પર ઘર અને હોસ્પિટલ સેવાઓ માટે હકદાર રહેશે.

- વિદ્યાર્થી સતત 14 દિવસ ગેરહાજર રહ્યા પછી ટ્યુશન માટે પાત્ર ઠરે છે.
- વિદ્યાર્થીના ચિકિત્સકે શિક્ષણ વિભાગનું ફોર્મ 28R/3, *અસ્થાયી ઘર અથવા હોસ્પિટલ શિક્ષણ માટે ચિકિત્સકનું નિવેદન 603* CMR 28.03(3)(c) પૂર્ણ કરવાનું રહેશે અને તેને વિદ્યાર્થીના *બિલ્ડિંગ એડમિનિસ્ટ્રેટર (વહીવટકર્તા) અથવા માર્ગદર્શન સલાહકાર*પાસે સબમિટ કરાવવાનું રહેશે. ફોર્મ આચાર્યની કચેરીમાંથી મળી રહેશે.
- ઓછામાં ઓછા, ચિકિત્સકની સહી કરેલી સૂચનામાં આ અંગેની માહિતીનો સમાવેશ હોવો જોઈએ:

- વિદ્યાર્થીને હોસ્પિટલમાં દાખલ કરાવવાની અથવા ઘરમાં સીમિત રાખવાની તારીખ ;
- સીમિત રાખવા માટેના તબીબી કારણ(ણો);
- સીમિત રહેવાની અપેક્ષિત અવધિ; અને
- વિદ્યાર્થીની એવી તબીબી જરૂરિયાતો જેને લઈને ઘર અથવા હોસ્પિટલ શિક્ષણ સેવાઓની યોજના બનાવતી વખતે ધ્યાન આપવું જોઈએ.
- આ ફોર્મ એક ફિઝિશિયન (ચિકિત્સક) દ્વારા ભરેલ હોવું જોઈએ, બાળરોગ ચિકિત્સકો, અથવા તો અન્ય કોઈ પણ M.D. પણ દ્વારા પણ ભરાવી શકાય, પરંતુ Ph.D. અથવા Ed.D. દ્વારા ભરેલ ફોર્મને સ્વીકારવામાં આવશે નહિ.
- તબીબી સ્થિતિને લીધે જે પણ વિદ્યાર્થીઓને પોતાનો અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે તેમના ટ્યુટરની સહાય લેવાની મંજૂરી પ્રાપ્ત થયેલ છે તેઓને આ અભ્યાસક્રમ માટે ક્રેડિટ પ્રાપ્ત થશે.

ડિસ્ટ્રિક્ટ ડિસ્ટ્રિક્ટ સ્ટાફ, ખાનગી રીતે કરાર કરાયેલા ટ્યુટર, અથવા કોઈ એજન્સીમાંથી પસંદ કરવામાં આવેલ ટ્યુટરની નિયુક્તિ કરશે. દરેક વિષય ક્ષેત્રમાં ટ્યુશન પૂરું પાડવા માટેના બનતા પ્રયત્નો કરવામાં આવશે. સ્કૂલ ડિસ્ટ્રિક્ટ દરેક વિદ્યાર્થીની શૈક્ષણિક તથા તબીબી જરૂરિયાતોના આધારે દિવસ દીઠ અથવા સપ્તાહ દીઠ શિક્ષણ કલાકોની સંખ્યા નક્કી કરે છે.

## સાયકલનો ઉપયોગ

ગ્રેડ 4-6 ના વિદ્યાર્થીઓ પોતાની સાયકલ વડે શાળાએ જઈ શકે છે, શરત એ છે કે તેમના માતાપિતાએ "હાનિરહિત રહેવું" નિવેદન પર હસ્તાક્ષર કરે, જેથી કરીને Pembroke શાળા વિભાગ અને તેના કર્મચારીઓને તમામ જવાબદારીઓમાંથી રાહત મળી શકે. આ વિશેષાધિકારમાં ભાગ લેવા માંગતા તમામ વિદ્યાર્થીઓએ હેલ્મેટ પહેરવું આવશ્યક છે.

પ્રક્રિયા:

- શાળાએથી આવવા-જવા માટે સાયકલ ચલાવવા માટેનું પરવાનગી ફોર્મ શાળા કચેરીમાંથી પ્રાપ્ત કરી શકાય છે.
- બાળક સાયકલ ચલાવીને શાળાએ આવે તે પહેલાં સહી થયેલ ફોર્મ શાળા કચેરીમાં ફાઇલ પર હોવું આવશ્યક છે.
- શાળાથી આવતી-જતી વખતે હેલ્મેટનો પટ્ટો લગાડેલ હોવો જોઈએ.
- શાળા વિભાગ શાળાની મિલકત પર પાર્ક કરેલ ક્ષતિગ્રસ્ત અથવા ખોવાયેલી સાયકલો માટે કોઈ જવાબદારી લેતો નથી.

## બદમાશી, સતામણી અને ભેદભાવ

Pembroke પબ્લિક સ્કૂલ્સ લિંગ ઓળખ, જાતીય અભિગમ, અપંગતા, બેઘરપણું, જાતિ, લિંગ, રંગ, ધર્મ, અને રાષ્ટ્રીય મૂળના આધારે સતામણી સહન કરશે નહિ, તથા M.G.L c. 76, s. 5 હેઠળ તે જ આધારો પર સતામણી સહન કરશે નહિ. Pembroke પબ્લિક સ્કૂલ્સ એક એવું શૈક્ષણિક વાતાવરણ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે જે સતામણી, બદમાશી, તથા

ભેદભાવથી મુક્ત છે. આ શાળા દ્વારા પ્રાયોજિત તમામ પ્રવૃત્તિઓમાં શામેલ તમામ વિદ્યાર્થીઓને લાગુ પડે છે. કોઈ પણ પ્રકારની સતામણી, બદમાશી, અથવા ભેદભાવ સહન કરવામાં આવશે નહીં.

Pembroke પબ્લિક સ્કૂલ્સ બદમાશી નિવારણ અને હસ્તક્ષેપ યોજના અહીં ક્લિક કરીને અથવા અહિયાં પ્રાપ્ત થઈ શકે છે:

https://www.pembrokek12.org/district/district-policies/district/district-policies/bullyingprevention-and-intervention-plan

માતાપિતા અને વિદ્યાર્થીઓ તમારા બાળકની એલિમેન્ટરી સ્કૂલની મુખ્ય કચેરીમાંથી આ યોજનાની હાર્ડ કોપી પણ પ્રાપ્ત કરી શકે છે.

સતામણી, બદમાશી, અથવા ભેદભાવમાં નીચેનાનો સમાવેશ થઈ શકે છે પરંતુ તે પૂરતું જ મર્યાદિત નથી:

- વારંવાર અથવા સતત અપમાનજનક ટિપ્પણીઓ કરવી, જેમાં નામ બોલવું, ચીડવવું, મજાક કરવી, અફવાઓ, અથવા અન્ય અપમાનજનક અથવા અમાનવીય ટિપ્પણીઓનો સમાવેશ થાય છે
- તરફદારી માટે ધાકધમકી
- સ્પષ્ટ ધમકીઓ અથવા માંગણીઓ
- કોઈ વ્યક્તિ અથવા તેના કપડાંઓ સાથે અનિચ્છનીય શારીરિક સંપર્ક
- અપમાનજનક પ્રકૃતિની લેખિત સામગ્રી અથવા ચિત્રોનું પ્રદર્શન અથવા પરિભ્રમણ (પ્રસાર)
- અનિચ્છનીય હાવભાવ (ઈશારા)

**બદમાશી, સતામણી, અથવા ભેદભાવની ફરિયાદ તથા તપાસની પ્રક્રિયા** જો કોઈ વિદ્યાર્થીને લાગતું હોય કે તે સતામણી, બદમાશી, અથવા તો ભેદભાવનો શિકાર બની રહ્યો/હી છે, તો બિલ્ડિંગ એડમિનિસ્ટ્રેટરનો તાત્કાલિક સંપર્ક કરવો જોઈએ. સ્ટાફ અથવા વિદ્યાર્થીઓએ પજવણી, બદમાશી, અથવા ભેદભાવની તમામ ફરિયાદોની જાણ આચાર્ય અથવા આચાર્યના નિયુક્ત વ્યક્તિને કરવી આવશ્યક છે. સતામણી, બદમાશી, અથવા ભેદભાવની તમામ ફરિયાદોની સંપૂર્ણ તપાસ કરવી અને પરિસ્થિતિને દૂર કરવા માટે જરૂરી યોગ્ય પગલાં લેવા તે બિલ્ડિંગની એક જવાબદારી છે. સતામણી, બદમાશી, અથવા ભેદભાવને લગતી કોઈપણ તપાસમાં તમામ વિદ્યાર્થીઓ સંપૂર્ણ સહકાર આપે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

પજવણી, બદમાશી, અથવા ભેદભાવની તપાસ દરમિયાન પૂરી પાડવામાં આવેલી તમામ માહિતીને ગુપ્ત રાખવામાં આવશે. આનો અર્થ એ છે કે આવી માહિતી ફક્ત જરૂરિયાત જણાતા જ અન્ય લોકો સાથે શેર કરવામાં આવશે.

પજવણી, બદમાશી, અથવા ભેદભાવને લગતી ફરિયાદની તપાસ આચાર્ય અથવા આચાર્યના નિયુક્ત દ્વારા હાથ ધરવામાં આવશે. તપાસમાં નીચેનાનો સમાવેશ થઈ શકે છે:

- ફરિયાદી અને પજવણી, બદમાશી, અથવા ભેદભાવના આરોપી દરેક વ્યક્તિ સાથે અલગ-અલગ, ખાનગી ઇન્ટરવ્યૂ
- સાક્ષીઓના ઈન્ટરવ્યૂ જો કોઈ હોય તો

- ફરિયાદી, આરોપી, અને સાક્ષીઓ દ્વારા લેખિત નિવેદનો

તપાસની સમાપ્તિના સમયે, આચાર્ય અથવા આચાર્ય દ્વારા નિયુક્ત વ્યક્તિ યોગ્ય કાર્યવાહી તૈયાર કરશે અને તેની ભલામણ કરશે. માતાપિતા અથવા સંભાળ રાખનારાઓને સૂચિત કરવામાં આવશે, અને વધારાની કાર્યવાહીઓમાં શામેલ હોઈ શકે છે:

- અપેક્ષાઓનો કરાર
- શાળાની શિસ્તની કાર્યવાહી
- પોલીસ સૂચના

વધુમાં, જો કોઈપણ વિદ્યાર્થીનું સતામણી, બદમાશી, અથવા તો ભેદભાવમાં સામેલ હોવાનું જણાય છે; સતામણી, બદમાશી, અથવા ભેદભાવને પ્રોત્સાહન આપે છે; અથવા સતામણી, બદમાશી, અથવા ભેદભાવની બાબતોમાં જવાબી કાર્યવાહી કરે છે, તેને ચેતવણીથી લઈને સસ્પેન્શન સુધીની શિસ્તને લગતી સજા આપવામાં આવી શકે છે. આચાર્ય અથવા આચાર્ય દ્વારા નિયુક્ત વ્યક્તિ 30 દિવસની અંદર ફોલો-અપ (તેને લાગતું) ઇન્ટરવ્યુનું આયોજન કરશે.

## **સંચાર**

માતાપિતા/સંભાળ રાખનારાઓ પોતાની ચિંતાઓને યોગ્ય શાળા અધિકારીઓના ધ્યાન હેઠળ લાવવાની ઇચ્છા રાખી શકે છે. આ બાબતમાં સંભાળ રાખનારાઓને મદદ કરવા માટે, નીચેની સામાન્ય માર્ગદર્શિકા મદદરૂપ થઈ શકે છે:

- માતાપિતા/સંભાળ રાખનારાઓએ શાળા સંબંધિત કોઈપણ બાબત અંગે સૌપ્રથમ સીધી રીતે સંકળાયેલા સ્ટાફ સભ્ય સાથે કોઈ પણ ચિંતા વ્યક્ત કરવી જોઈએ.
- જો મામલો ઉકેલાતો નથી, ત્યારે સંભાળ રાખનારે સહાયક આચાર્યનો સંપર્ક કરવો જોઈએ.
- જો માતાપિતાને લાગે કે સમસ્યાનું સમાધાન થયું નથી, તો માતાપિતા/સંભાળ કરનારે બિલ્ડિંગ પ્રિન્સિપલનો સંપર્ક કરવો જોઈએ, જેઓની પાસે વિદ્યાર્થી શિસ્ત અને બિલ્ડિંગની અન્ય પ્રક્રિયાત્મક બાબતો અંગે અંતિમ નિર્ણય લેવાનો અધિકાર છે.

અમે વિનંતી કરીએ છીએ કે માતાપિતા ઉપર દર્શાવેલ પ્રગતિશીલ પગલાંઓનો ઉપયોગ કરે કારણ કે ટીચર અથવા તો અન્ય સ્ટાફ સભ્ય કે જેઓ પ્રત્યક્ષ સંકળાયેલા છે, તેઓ મોટાભાગની સમસ્યાઓને સંતોષકારક રીતે ઉકેલી શકે છે. માતાપિતા/સંભાળ રાખનારાઓ અને શાળાના કર્મચારીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ તમામ વાતચીત કરતી વખતે એકબીજાનું સમ્માન કરે અને અન્યના દૃષ્ટિકોણોને સાંભળે. માતાપિતા/સંભાળ રાખનારાઓ તથા શાળાના કર્મચારીઓ વચ્ચેની આદરણીય અને તર્કસંગત વાતચીત ચિંતાઓનું સંતોષકારક નિરાકરણ મેળવવામાં મદદરૂપ થાય છે.

માતાપિતા/સંભાળ રાખનારાઓ તથા વિદ્યાર્થીઓ માટે ચિંતા શેર કરવા માટે સંચારનું બીજું સાધન ટાઇટન્સ ટોક (Titans Talk) છે. આને ડિસ્ટ્રિક્ટ વેબસાઇટ www.pembrokek12.org પર ઍક્સેસ કરી શકાય છે. ટાઇટન્સ ટોક એ Pembroke પબ્લિક સ્કૂલ્સ સાથે મહત્વપૂર્ણ ડિસ્ટ્રિક્ટ મુદ્દાઓ વિશે વાતચીત કરવાની એક સરળ રીત છે. ટાઇટન્સ

ટોક એ એક સરળ રીત છે જેના દ્વારા તમે અમને પ્રશ્ન પૂછી શકો છો, કોઈ ચિંતા વ્યક્ત કરી શકો છો, અથવા અમારી પ્રશંસા કરી શકો છો. દરેક ટાઇટન્સ ટોક સબમિશનને ફોલો-અપ માટે યોગ્ય શાળા, વિભાગ, અને/અથવા ડિસ્ટ્રિક્ટ સ્ટાફ સભ્ય પાસે મોકલવામાં આવે છે.

શાળાના સમાચાર અને માહિતી ડિસ્ટ્રિક્ટની વેબસાઇટ www.pembrokek12.org પર અને શાળાના ન્યૂઝલેટર્સમાં મળી શકે છે. માતાપિતા/સંભાળ રાખનારાઓ શાળા સંબંધિત પ્રસંગો તેમજ સમુદાય પ્રવૃત્તિઓને લગતા પ્રસારણ ઇમેઇલ પ્રાપ્ત કરવા માટે ડિસ્ટ્રિક્ટ વેબસાઇટ મારફતે સાઇન અપ કરી શકે છે.

## શિસ્ત કોડ

પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ નમ્ર અને સહકારી રીતે વર્તવ કરે.

**Pembroke સ્કૂલ સમિતિ નીતિ જૂનિયર કિન્ડરગાર્ટન (JK, નિયમિત કિન્ડરગાર્ટન પહેલાનું એક વર્ષ): વિદ્યાર્થી શિસ્ત [1]**

Pembroke સ્કૂલ સમિતિ (PSC) શાળાઓમાં સારી શિસ્ત અને સ્વ-વ્યવસ્થાપનના મહત્વને ઓળખે છે જેથી તમામ વિદ્યાર્થીઓ અને ટીચરો માટે રચનાત્મક અને સલામત શિક્ષણનું વાતાવરણ જાળવી શકાય. વિદ્યાર્થી શિસ્ત અને આચારસંહિતાનું લક્ષ્ય પરસ્પર આદર અને જવાબદાર વર્તન સુનિશ્ચિત કરવાનું છે.

જ્યારે બાળકનું વર્તન તેની પોતાની પ્રગતિ, અન્ય વિદ્યાર્થીઓના શિક્ષણ અથવા શાળાના સુવ્યવસ્થિત સંચાલનમાં દખલ પેદા કરે છે, ત્યારે સુધારાત્મક કાર્યવાહીનો ઉપયોગ કરવામાં આવશે.

આચારસંહિતામાં અપેક્ષા રાખવામાં આવે છે કે શાળા સમુદાયના તમામ સભ્યોની જવાબદારી છે કે તેઓ એ પ્રમાણે વર્તન કરે જેમાં તમામ વ્યક્તિઓ, તેમના અધિકારો, અને તેમની સંપત્તિ પ્રત્યે આદરનું પ્રદર્શન કરે. શાળા સમુદાયના તમામ સભ્યોએ શાળાના આચરણના ધોરણોને સમજવું અને ટેકો આપવો જોઈએ તથા નિયમો અને વિનયમોના અમલીકરણમાં સહાય કરવી જોઈએ. આ વર્તન શાળાના તમામ અભ્યાસક્રમો, સહ-અભ્યાસક્રમો, અને વિશેષ કાર્યક્રમો દરમિયાન રહે એવી અપેક્ષા રાખવામાં આવે છે, પછી ભલે તે કેમ્પસની અંદર હોય કે બહાર, જેમાં શાળા પ્રાયોજિત પ્રવાસો અને તે સમયનો સમાવેશ છે જ્યારે શાળાની બસો અથવા અન્ય શાળા દ્વારા પૂરી પાડવામાં આવેલ પરિવહનનો ઉપયોગ કરવામાં આવે છે. વહીવટતંત્ર પાસે સહ-અભ્યાસક્રમ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીની ભાગીદારીને પ્રતિબંધિત કરવાનો અધિકાર અનામત રહેશે કારણ કે ભાગીદારી એક વિશેષાધિકાર છે, અધિકાર નથી, જે અન્ય વિદ્યાર્થીઓ અથવા લક્ષિત વિદ્યાર્થીની સલામતી અને સુખાકારી પર આધારિત છે.

શિસ્તનું નિર્ધારણ પ્રગતિના ધોરણે કરવામાં આવશે. આનો અર્થ એ છે કે વહીવટકર્તા પાસે બીજા અને ત્રીજા ગુનાના કિસ્સામાં દંડ વધારવાનો વિવેકાધિકાર છે. દંડ અથવા સસ્પેન્શનની ગંભીરતા નક્કી કરવા માટે, આચાર્ય અથવા સહાયક આચાર્ય તમામ સંબંધિત પરિબળો પર વિચાર કરી શકે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છે પરંતુ તે પૂરતું જ મર્યાદિત નથી:

1. વિદ્યાર્થીનો અગાઉનો શિસ્ત રેકોર્ડ.
2. શૈક્ષણિક પ્રક્રિયામાં વિક્ષેપની ગંભીરતા.
3. સ્વયં, બીજા, અને સામાન્ય રીતે શાળા માટે જોખમની માત્રા.
4. વિદ્યાર્થીઓ તેમના અયોગ્ય વર્તનને કેટલી હદ સુધી બદલવા માટે તૈયાર છે.

### વિદ્યાર્થી આચાર માટેની સામાન્ય અપેક્ષાઓ

1. બધા વિદ્યાર્થીઓ તમામ વર્ગખંડ દ્વારા સ્થાપિત ધોરણો અને સંપૂર્ણ શાળા વ્યવસ્થા માટે સ્થાપિત ધોરણોનું આદર અને પાલન કરશે.

[1] કૃપા કરીને સંપૂર્ણ PSC શિસ્ત નીતિ માટે ક્લિક કરો: PSC નીતિ JK: વિદ્યાર્થી શિસ્ત

2. વિદ્યાર્થીઓને શાળામાં એવી કોઈ પણ વસ્તુઓ લાવવાની મંજૂરી નથી કે જે પોતા અથવા અન્ય બાળકોની સલામતી માટે જોખમી હોય (ઉદાહરણ તરીકે: છરી, ફટાકડા, માચિસ).
3. વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ આચારસંહિતાનું પાલન કરે. (પાછલા વિભાગને જુઓ.)

**સામાન્ય પ્રક્રિયાઓ**

1. નિયમો અને નિયમનોના ક્યારેક-ક્યારેક અથવા નાના ઉલ્લંઘનને વર્ગખંડના ટીચર દ્વારા નિયંત્રિત કરવામાં આવશે.
2. સતત નાના ઉલ્લંઘનના પરિણામસ્વરૂપ ઓફિસમાં મોકલવામાં આવી શકે છે અને સંભાળકર્તાઓને સૂચના આપવામાં આવી શકે છે.
3. શાળાના નિયમો અને નિયમનોના પ્રમુખ ઉલ્લંઘનના પરિણામસ્વરૂપ વધુ મહત્વપૂર્ણ વર્તનલક્ષી પરિણામો ઉદ્ભવી શકે છે અને સંભાળ રાખનારાઓ સાથે સંભવિત મિટીંગ થઈ શકે છે.

**વ્યાખ્યાઓ**

વિદ્યાર્થી વર્તનના *નાના ઉલ્લંઘનો* માં નીચેનાનો સમાવેશ થાય છે, પરંતુ તે પૂરતું મર્યાદિત નથી:

ઓછી ચિંતા

- ક્યારેક-ક્યારેક વારો ન આવતા પણ  વાત કરવી
- નાના વર્ગખંડના વિક્ષેપો (દા.ત., પેન્સિલો પાડવી, મૂંઝવણ)
- હોમવર્ક અથવા સામગ્રીને ભૂલી જવું
- અમુક સમયે ધ્યાન આપવામાં મુશ્કેલી
- સાથીદારોને થોડાક ચીડવવા અથવા ચંચળ વર્તન
- દિશાનિર્દેશોનું પાલન કરવા માટે વારંવાર યાદ અપાવવાની જરૂરિયાત
- કાર્યો શરૂ કરવા અથવા પૂર્ણ કરવામાં ધીમા પડવું

મધ્યમ ચિંતા

- યાદ અપાવવા છતાં વારો ન આવતા પણ વાત કરવી
- ટીચર અથવા સહપાઠીઓમાં નિયમિતપણે વિક્ષેપ ઊભો કરવો
- વારંવાર હોમવર્ક અથવા સામગ્રીને ભૂલી જવી
- સાથીદારો અથવા ટીચર પ્રત્યે અપમાનજનક ભાષા અથવા વાણી
- રમત દરમિયાન શારીરિક કઠોરતા (દા.ત., દબાવવું, ધક્કો મારવો)
- યોગ્ય સમય સુધી બેસી રહેવામાં અથવા એક જગ્યાએ રહેવામાં મુશ્કેલી
- સાથીદારોથી સામાજિક અંતર અથવા અલગ થવાના ચિહ્નો

વિદ્યાર્થી વર્તનના *મુખ્ય ઉલ્લંઘનો* માં નીચેનાનો સમાવેશ થઈ શકે છે પરંતુ તે પૂરતું મર્યાદિત નથી:

- વર્ગખંડમાં, લંચ અથવા રિસેસ દરમિયાન, અને બસમાં દિશાનિર્દેશોનું સતત ઉલ્લંઘન અથવા પાલન કરવાની મનાઈ
- સાથીદારો અથવા કર્મચારીઓ પ્રત્યે આક્રમક વર્તન (દા.ત., મારવું, બટકું ભરવું, વસ્તુઓ ફેંકવી)
- ચોક્કસ વિદ્યાર્થીઓ પાસે બદમાશી કરવી અથવા લક્ષ્ય બનાવવો
- સાથીદારો અથવા કર્મચારીઓ પ્રત્યે વંશીય અથવા અશ્લીલ ભાષાનો ઉપયોગ
- ગંભીર વિક્ષેપો જે શિક્ષણ વાતાવરણમાં અવરોધ ઊભો કરે
- સંપત્તિનો વિનાશ અથવા તોડફોડ
- જાણીબૂજીને શારીરિક ઝઘડામાં ભાગ લેવો

## શિસ્ત પ્રક્રિયાઓ

જેવું કે ઉપર જણાવવામાં આવ્યું છે અને Pembroke સ્કૂલ સમિતિ પોલિસી અનુસાર, Pembroke ની જાહેર શાળાઓ પ્રગતિશીલ શિસ્ત ફિલસૂફી (દર્શનશાસ્ત્ર) નું પાલન કરે છે અને મેસેચ્યુસેટ્સ સામાન્ય કાયદા પ્રકરણ 71, કલમ 37H, 37H ½ અને 37H ¾ ની જોગવાઈઓ તેમજ 603 CMR 53.00 et seq નું પાલન કરે છે. શાળામાં, શાળાના મેદાનમાં અથવા શાળા-પ્રાયોજિત કાર્યક્રમોમાં અને યાત્રાઓમાં કયા પ્રકારનાં વર્તનને મંજૂરી આપવામાં આવશે નહીં, તેની ઓળખ આ વિદ્યાર્થી હેન્ડબુક (પુસ્તિકા) માં અને PSC નીતિ મારફતે કરવામાં આવેલ છે.

શાળાના નિયમો અને નિયમનોને અલગ-અલગ વર્ગો માટે ટીચરોના નિયમો દ્વારા પૂરક બનાવવામાં આવી શકે છે, જે વિદ્યાર્થીઓને સમજાવવામાં આવશે અને પોસ્ટ કરવામાં આવશે. ટીચરોના નિયમો વિદ્યાર્થી પુસ્તિકાને અનુકૂળ હોવા જોઈએ અને આચાર્ય દ્વારા માન્ય હોવા જોઈએ.

### સસ્પેન્શન (મોકૂફી)

કોઈપણ વિદ્યાર્થીના સસ્પેન્શનનો ઉપયોગ શિસ્તના પગલા તરીકે ફક્ત ત્યારે જ કરવામાં આવશે જ્યારે વિદ્યાર્થી તરફથી કોઈ ગંભીર ગુનો કરવામાં આવેલ હોય અથવા જ્યારે, આચાર્ય અથવા સહાયક આચાર્યના અભિપ્રાય મુજબ, ગુનાઓની શ્રેણીને લીધે આ પ્રકારની કાર્યવાહીનો પ્રયોગ કરવો જરૂરી બની રહે.

આચાર્ય અથવા સહાયક આચાર્યો દ્વારા નિર્દિષ્ટ તારીખે દંડ અથવા સસ્પેન્શન આપવામાં આવશે. સસ્પેન્શન સતત દિવસોનું આપવામાં આવશે. જો સસ્પેન્શન સપ્તાહના અથવા વેકેશન પહેલાના દિવસે સમાપ્ત થતું હોય, તો વિદ્યાર્થી તે પછીના દિવસે કોઈપણ પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અથવા તો હાજરી આપવા માટે અયોગ્ય છે. જ્યારે સસ્પેન્શનનો સમયગાળો સપ્તાહના અંતે અથવા વેકેશન પહેલાં શરૂ થતો હોય પરંતુ સપ્તાહના અંત અથવા વેકેશનના સમયગાળા પછી પણ ચાલુ રહે છે, ત્યારે વિદ્યાર્થીઓ સમગ્ર સમયગાળા દરમિયાન પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકતા નથી. જે વિદ્યાર્થીઓને શાળામાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેઓ સસ્પેન્શનના સમયગાળા દરમિયાન કોઈપણ સમયે શાળા અથવા શાળાની મિલકતમાં પ્રવેશ મેળવી શકતા નથી તથા શાળા-પ્રાયોજિત કોઈપણ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શકતા નથી.

જે વિદ્યાર્થીઓ શાળાના છેલ્લા દિવસ સુધીમાં બાકી શિસ્તબદ્ધ જવાબદારીઓ પૂર્ણ કરતા નથી, તેઓએ ઉનાળા દરમિયાન અટકાયત તથા સસ્પેન્શનની સજા માટે આચાર્ય અથવા સહાયક આચાર્ય સાથે મળીને વ્યવસ્થા કરવાની રહેશે. કોઈપણ બાકી અટકાયતો અને/અથવા સસ્પેન્શન આગામી શાળા વર્ષની શરૂઆતમાં આપવામાં આવશે.

**શાળામાં સસ્પેન્શન (ઇન સ્કૂલ સસ્પેન્શન)**

કોઈ વિદ્યાર્થીને નિયમિત વર્ગખંડ પ્રવૃત્તિઓમાંથી, પરંતુ શાળા પરિસરમાંથી નહીં, સતત દસ (10) શાળા દિવસો સુધી, અથવા શાળા વર્ષ દરમિયાન ઘણા ઉલ્લંઘનો માટે એકંદરે દસ (10) શાળા દિવસો સુધી કાઢી મૂકવો/વી. વિદ્યાર્થીઓ સસ્પેન્શન દરમિયાન શૈક્ષણિક પ્રગતિ કરી શકે તે માટે તેઓને જરૂરી ક્રેડિટ પ્રાપ્ત કરવા, અને એસાઈમેન્ટો કરવા, કસોટીઓ, કાગળો, અને અન્ય શાળાના કાર્ય કરવાની તક મળશે. ઇત્તર પ્રવૃત્તિઓમાં ભાગીદારીને હટાવી દેવાને શાળામાંથી હટાવી દેવા તરીકે સસ્પેન્શનની અવધિની ગણતરીમાં ગણવામાં આવશે નહિ.

**શાળામાં સસ્પેન્શન પ્રક્રિયા**

જો, આચાર્ય અથવા તેના દ્વારા નિયુક્ત વ્યક્તિ વિદ્યાર્થીને શિસ્ત આરોપ(પો), આરોપ(પો) ના આધાર વિશે જાણ કરવાની અને વિદ્યાર્થીને જવાબ આપવાની તક પૂરી પાડ્યા પછી, તો નિર્ણય લે છે કે વિદ્યાર્થીએ સંબંધિત ગુનો કર્યો છે, તો શાળામાં સસ્પેન્શન જારી કરી શકાય છે, જે સતત 10 અથવા સંચિત દિવસોથી વધુ ન હોવું જોઈએ.

સસ્પેન્શન નિર્ણયના જ દિવસે, આચાર્ય અથવા તેમના દ્વારા નિયુક્તએ વ્યક્તિ ગુના કરનારના માતાપિતા(ઓ) ને સૂચિત કરવા, નિર્ણયનું કારણ, અને શાળામાં સસ્પેન્શનની અવધિની જાણ કરવા માટે દરેક બનતા પ્રયત્નો (ઓછામાં ઓછા બે દસ્તાવેજી ફોન કોલ્સ) કરવા જોઈએ. સસ્પેન્શનના દિવસે, આચાર્ય અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ અંગ્રેજીમાં અને ઘરની પ્રાથમિક ભાષામાં લેખિત સૂચના પણ આપશે, જો ગૃહ ભાષા સર્વેમાં અંગ્રેજી સિવાયની કોઈ ભાષાની જાણ થાય છે, અથવા જ્યાં યોગ્ય હોય સંચારના અન્ય માધ્યમો મારફતે, તે જ માહિતીની સાથે અને માતાપિતાને વિદ્યાર્થીના સતત શૈક્ષણિક પ્રગતિ કરવાના અધિકાર વિશે જાણ કરશે. આચાર્ય અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ માતાપિતા(ઓ) ને વિદ્યાર્થીના પ્રદર્શન અને વર્તન અંગે ચર્ચા કરવા માટે શક્ય તેટલી વહેલી તકે મળવા માટે આમંત્રિત કરશે.

**શાળા બહારનું (આઉટ-ઓફ-સ્કૂલ) સસ્પેન્શન**

1. *ટૂંકા ગાળાનું*: કોઈ વિદ્યાર્થીને શાળા પરિસર તથા નિયમિત વર્ગખંડની પ્રવૃત્તિઓમાંથી સતત દસ (10) શાળા દિવસ કે તેથી ઓછા સમય માટે કાઢી મૂકવો/વી. વિદ્યાર્થીઓને સસ્પેન્શન દરમિયાન શૈક્ષણિક પ્રગતિ કરવા માટે જરૂરી ક્રેડિટ્સ, સોંપણીઓ, પરીક્ષણો, કાગળો અને અન્ય શાળાના કામ કરવાની તક મળશે.
2. *લાંબા ગાળાનું*: એક શાળા વર્ષમાં સતત દસ (10) થી વધુ શાળા દિવસો માટે, અથવા કોઈપણ શાળા વર્ષમાં બહુવિધ શિસ્તબદ્ધ ગુનાઓ માટે એકંદરે દસ (10) થી વધુ શાળા દિવસો માટે શાળા પરિસર અને નિયમિત વર્ગખંડની પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીને કાઢી મૂકવો/વી. શાળાની અંદર અથવા બહાર, ટૂંકા ગાળાના સસ્પેન્શનના દસ (10) અથવા વધુ સંચિત અથવા સતત શાળા દિવસો પછી લાંબા ગાળાનું સસ્પેન્શન થઈ શકે છે. મેસેચ્યુસેટ્સ જનરલ લોઝ પ્રકરણ 71, §37 H, અથવા પ્રકરણ 71 § 37H ½ માં દર્શાવેલ શિસ્તબદ્ધ

અપરાધ માટે આરોપી વિદ્યાર્થીઓ સિવાય, કોઈ પણ વિદ્યાર્થીને શાળામાંથી નિકાળવામાં આવેલ પ્રથમ દિવસથી શરૂ થતા શાળા વર્ષમાં નેવું (90) થી વધુ શાળા દિવસો માટે એક અથવા વધુ શિસ્તબદ્ધ અપરાધો માટે લાંબા ગાળાના સસ્પેન્શન પર મૂકી શકાશે નહીં. કોઈપણ લાંબા ગાળાના સસ્પેન્શનને તે શાળા વર્ષના અંતથી આગળ લંબાવવામાં નહિ આવે જેમાં આવું સસ્પેન્શન લાદવામાં આવ્યું હતું. સંભવિત લાંબા ગાળાના સસ્પેન્શનનો ભોગવી રહેલ કોઈપણ વિદ્યાર્થી નીચે વર્ણવ્યા મુજબ પ્રિન્સિપાલ અથવા તેમના હોદ્દેદાર વ્યક્તિ સાથે સુનાવણી માટે હકદાર છે.

**37 H 3/4 હેઠળ શાળા બહારનું સસ્પેન્શન**

*નોટિસ*

કોઈપણ વિદ્યાર્થીને સસ્પેન્ડ કરતા પહેલા, આચાર્ય અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ વિદ્યાર્થી અને માતાપિતાને સંભવિત સસ્પેન્શનની મૌખિક અને લેખિત સૂચના, વિદ્યાર્થીને સુનાવણીની તક, અને માતાપિતાને સુનાવણીમાં ભાગ લેવાની તક પૂરી પાડશે. જો દસ્તાવેજીકૃત વાજબી પ્રયત્નો પછી માતાપિતા(ઓ) નો સંપર્ક કરી શકાતો નથી, તો સુનાવણી માતાપિતાની ગેરહાજરીમાં હાથ ધરવામાં આવી શકે છે. વાજબી પ્રયત્નોને આચાર્ય અથવા તેમના દ્વારા નિયુક્ત દ્વારા દસ્તાવેજીકૃત લેખિત સૂચના તરીકે અને માતાપિતાનો સંપર્ક કરવાના ઓછામાં ઓછા બે (2) પ્રયત્નો તરીકે પણ વ્યાખ્યાયિત કરવામાં આવે છે જેવું કે શાળાની ફાઈલમાં ઉલ્લેખિત ઈમરજન્સી સૂચના માટે માતાપિતા દ્વારા નક્કી કરવામાં આવેલ રીત છે.

લેખિત ભાષા અંગ્રેજીમાં રહેશે અને ઘરવાળાની પ્રાથમિક ભાષામાં હશે, જો ગૃહ ભાષા સર્વેમાં અંગ્રેજી સિવાયની કોઈ ભાષાની જાણ થાય છે, અથવા જ્યાં યોગ્ય હોય સંચારના કોઈ અન્ય માધ્યમોમાં. સૂચનામાં સરળ ભાષામાં નીચેની રજૂઆત કરવામાં આવશે:

1) શિસ્તબદ્ધ અપરાધ;
2) આરોપ માટેનો આધાર;
3) વિદ્યાર્થીના સસ્પેન્શનની સંભવિત અવધિ સહિત સંભવિત પરિણામો;
4) વિદ્યાર્થીને સૂચિત સસ્પેન્શન અંગે આચાર્ય અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ સાથે સુનાવણીની તક, જેમાં આરોપો પર વિવાદ કરવાની તક અને કથિત ઘટના અંગે વિદ્યાર્થીની સમજૂતી રજૂ કરવાની, અને માતાપિતાને સુનાવણીમાં હાજર રહેવાની તકનો સમાવેશ થાય છે;
5) સુનાવણીની તારીખ, સમય અને સ્થાન;
6) વિદ્યાર્થી અને વિદ્યાર્થીના માતાપિતા(ઓ) ને સુનાવણીમાં ભાગ લેવા માટે જરૂરિયાત જણાય તો દુભાષિયા સેવાઓનો અધિકાર;
7) જો આચાર્ય સાથેની સુનાવણી પછી કોઈ વિદ્યાર્થી પર લાંબા ગાળાનું સસ્પેન્શન લાદવામાં આવે, તો આચાર્યએ વિદ્યાર્થી અને માતાપિતાને જાણ કરવી આવશ્યક છે:
   a. 603 CMR 53.08(3)(b) માં નિર્ધારિત અધિકારો; અને
   b. આચાર્યના નિર્ણયને અધિક્ષકની સામે અપીલ કરવાનો અધિકાર.

માતાપિતાને લેખિત સૂચના હાથ વડે, ફર્સ્ટ-ક્લાસ મેઇલ વડે, પ્રમાણિત મેઇલ વડે, શાળા સંચાર માટે માતાપિતા દ્વારા પૂરા પાડવામાં આવેલા એડ્રેસ પર ઇમેઇલ, અથવા આચાર્ય અને માતાપિતા દ્વારા સંમત થયેલ ડિલિવરીની કોઈપણ અન્ય પદ્ધતિ દ્વારા આપવામાં આવી શકે છે.

*આચાર્ય સુનાવણી*

આચાર્ય સાથે સુનાવણીનો હેતુ એ છે કે કથિત ઘટના અંગેની માહિતી સાંભળવાનો અને તેની ઉપર વિચાર કરવાનો છે, જેના માટે વિદ્યાર્થીને સસ્પેન્ડ કરવામાં આવી શકે છે, વિદ્યાર્થીને આરોપો પર વિવાદ કરવાની અને કથિત ઘટનાની આસપાસના સંજોગો સમજાવવાની તક પૂરી પાડવી, અને તે નક્કી કરવું કે શું વિદ્યાર્થીએ શિસ્તબદ્ધ ગુનો કર્યો છે, અને જો એમ હોય તો, ઉલ્લંઘનના શા પરિણામો હશે. ઓછામાં ઓછું, આચાર્ય શિસ્તબદ્ધ આરોપ, ગુના માટેનો આધાર, અને અન્ય કોઈપણ સંબંધિત માહિતી વિશે ચર્ચા કરશે. વિદ્યાર્થીને માહિતી રજૂ કરવાની તક આપવામાં આવશે, જેમાં શાંત કરનારા તથ્યોનો સમાવેશ છે, જેના વિશે આચાર્યને તે નક્કી કરવામાં વિચાર કરવો જોઈએ કે સસ્પેન્શનના વિકલ્પો તરીકે અન્ય ઉપાયો અને પરિણામો યોગ્ય હોઈ શકે છે કે કેમ. આચાર્યએ માતાપિતાને, જો હાજર હોય, તો વિદ્યાર્થીના આચરણ વિશે ચર્ચા કરવાની તક પૂરી પાડવી જોઈએ તથા એવી માહિતી આપવી જોઈએ, જેમાં સંજોગોને હળવા કરવાના ઉપાયોનો પણ સમાવેશ હોય, જેની પર આચાર્યએ વિદ્યાર્થી માટેના પરિણામો નક્કી કરવા માટે વિચાર કરવો જોઈએ.

*ટૂંકા ગાળાનું સસ્પેન્શન (10 કે તેથી ઓછા દિવસ)*

જો આચાર્ય અથવા તેમના નિયુક્ત વ્યક્તિ ઉપર વર્ણવેલ સુનાવણી કર્યા પછી નક્કી કરે છે કે વિદ્યાર્થીએ શિસ્તબદ્ધ ગુનો કર્યો છે, તો આચાર્ય અથવા તેમના નિયુક્ત વ્યક્તિ વિદ્યાર્થીને તેના ટૂંકા ગાળાના સસ્પેન્શનની અવધિ વિશે જાણ કરશે, જે એક શાળા વર્ષમાં સંચિત કે સળંગ દસ (10) દિવસથી વધુ નહિ હોય. **ટૂંકા ગાળાનું સસ્પેન્શન આપવા માટે આચાર્ય અથવા તેમના નિયુક્ત વ્યક્તિનો નિર્ણય અંતિમ રહે છે અને તે અપીલને પાત્ર નથી.**

*લાંબા ગાળાનું સસ્પેન્શન*

જો આચાર્ય અથવા તેમના નિયુક્ત વ્યક્તિ ઉપર વર્ણવેલ સુનાવણી કર્યા પછી નક્કી કરે છે કે વિચારાધીન ઉલ્લંઘન(નો) ને પરિણામસ્વરૂપ તેને શાળામાંથી લાંબા ગાળાનું સસ્પેન્શન મળી શકે છે, તો આચાર્ય અથવા તેમના નિયુક્ત વ્યક્તિ વિદ્યાર્થીને નીચેના વધારાના અધિકારો આપશે:

1. સુનાવણી પહેલાં, વિદ્યાર્થીના રેકોર્ડ અને એવા દસ્તાવેજોની સમીક્ષા કરવાની તક કે જેના પર ભરોસો કરીને આચાર્ય વિદ્યાર્થીને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લઈ શકે છે, અથવા તો નહીં;
2. વિદ્યાર્થી/માતાપિતાના ખર્ચે વિદ્યાર્થીની પસંદગીના સલાહકાર (વકીલ) અથવા સામાન્ય વ્યક્તિ દ્વારા રજૂઆત કરવાનો અધિકાર;
3. પોતાની તરફથી સાક્ષીઓ રજૂ કરવાનો તથા કથિત ઘટના અંગે વિદ્યાર્થીનો ખુલાસો રજૂ કરવાનો અધિકાર, પરંતુ વિદ્યાર્થી સાક્ષીઓને આવું કરવા માટે બાધ્ય કરવામાં આવશે નહીં;
4. શાળા જિલ્લા દ્વારા રજૂ કરાયેલા સાક્ષીઓની ઊલટ-તપાસ (ક્રોસ-એક્ઝામાઈન) કરવાનો અધિકાર;
5. સુનાવણી આચાર્ય દ્વારા રેકોર્ડ કરવામાં આવે તેવી વિનંતી કરવાનો તથા વિનંતી પર ઓડિયો રેકોર્ડિંગની એક નકલ પ્રાપ્ત કરવાનો અધિકાર. જો વિદ્યાર્થી અથવા માતાપિતા ઑડિયો રેકોર્ડિંગની વિનંતી કરે છે, તો આચાર્ય સુનાવણી પહેલાં તમામ સહભાગીઓને જાણ કરશે કે ઑડિઓ રેકોર્ડ કરવામાં આવશે અને વિનંતી

કરવા પર વિદ્યાર્થી તથા માતાપિતાને એક નકલ પૂરી પાડવામાં આવશે.

આચાર્ય, જો હાજર હોય તો, માતાપિતાને વિદ્યાર્થીના વર્તન અંગે ચર્ચા કરવાની અને સંજોગોને ઘટાડવા સહિતની માહિતી પ્રદાન કરવાની તક પૂરી પાડશે, જે આચાર્યએ વિદ્યાર્થી માટે પરિણામો નક્કી કરવામાં ધ્યાનમાં લેવી જોઈએ.

પુરાવાના આધારે, આચાર્ય નક્કી કરશે કે વિદ્યાર્થીએ શિસ્તબદ્ધ ગુનો કર્યો છે કે નહીં, અને, જો એમ હોય તો, સસ્પેન્શનના સંજોગો અને વિકલ્પોને ઘટાડ્યા પછી, લાંબા ગાળાના સસ્પેન્શનની જગ્યાએ અથવા તેના ઉપરાંત કયો ઉપાય અથવા પરિણામ લાદવામાં આવશે. આચાર્ય અથવા તેમના નિયુક્ત વ્યક્તિએ વિદ્યાર્થી અને માતાપિતાને લેખિત નિર્ણય હાથ વડે, પ્રમાણિત મેઇલ વડે, ફર્સ્ટ-ક્લાસ મેઇલ વડે, શાળા સંચાર માટે માતાપિતા દ્વારા પૂરા પાડવામાં આવેલા એડ્રેસ પર ઇમેઇલ, અથવા આચાર્ય અને માતાપિતા દ્વારા સંમત થયેલ ડિલિવરીની કોઈપણ અન્ય પદ્ધતિ દ્વારા મોકલી આપવો જોઈએ. જો આચાર્ય વિદ્યાર્થીને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લે છે, તો લેખિત નિર્ણયમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થશે:

1. શિસ્તબદ્ધ આરોપ, સુનાવણીની તારીખ, અને સુનાવણીમાં ભાગ લેનારાઓની ઓળખ;
2. આચાર્ય દ્વારા નિકાળવામાં આવેલ મુખ્ય તથ્યો અને તારણો;
3. સસ્પેન્શનની અવધિ અને અસરકારક તારીખ, તેમજ શાળામાં પરત ફરવાની તારીખની ઓળખ;
4. શાળામાંથી બહાર કરવાના સમયગાળા દરમિયાન શૈક્ષણિક પ્રગતિ કરવા માટે શૈક્ષણિક સેવાઓ પ્રાપ્ત કરવા માટે વિદ્યાર્થીની તકની સૂચનાનો સમાવેશ કરવો;
5. આચાર્યના નિર્ણયની અધિક્ષક અથવા નિયુક્ત વ્યક્તિ સમક્ષ અપીલ કરવાના અધિકારની વિદ્યાર્થીને જાણ કરવી. અપીલના અધિકારની સૂચના અંગ્રેજી અને ઘરની પ્રાથમિક ભાષામાં હશે જો તે અંગ્રેજી સિવાય અન્ય ભાષા હોય જેવું કે ગૃહ ભાષા સર્વેમાં અથવા અન્ય સંચાર માધ્યમો દ્વારા નક્કી કરવામાં આવેલ છે, અને તેમાં સ્પષ્ટ ભાષામાં જણાવેલ નીચેની માહિતી શામેલ હોવી જોઈએ: નિર્ણયની અપીલ કરવાની પ્રક્રિયા, જેમાં એનો પણ સમાવેશ થાય છે કે વિદ્યાર્થી અથવા માતાપિતાને લાંબા ગાળાના સસ્પેન્શનની અસરકારક તારીખના પાંચ (5) કેલેન્ડર દિવસોની અંદર સુપરિન્ટેન્ડેન્ટ (અધિક્ષક) પાસે અપીલની લેખિત સૂચના દાખલ કરાવવાની રહેશે; જો કે પાંચ (5) કેલેન્ડર દિવસની અંદર, વિદ્યાર્થી અથવા માતાપિતા લેખિત સૂચના દાખલ કરાવવા માટે સુપરિન્ટેન્ડેન્ટ પાસે સાત (7) વધારાના કેલેન્ડર દિવસો સુધીનો સમય વધારવાની વિનંતી કરી શકે છે અને પ્રાપ્ત કરી શકે છે; અને એમ કે લાંબા ગાળાનું સસ્પેન્શન ત્યાં સુધી અસરકારક રહેશે જ્યાં સુધી સુપરિન્ટેન્ડેન્ટ અપીલ પર આચાર્યના નિર્ણયને ઊલટવાનો નિર્ણય નથી કરતા.

*ગ્રેડ PK-3 ના વિદ્યાર્થીઓ*

જો કોઈ વિદ્યાર્થી જાહેર પૂર્વશાળા (પબ્લિક પ્રીસ્કૂલ) કાર્યક્રમમાં હોય અથવા ગ્રેડ K થી 3 માં હોય, તો સસ્પેન્શન લાગુ થાય તે પહેલાં, આચાર્ય લેખિત નિર્ણયની એક નકલ સુપરિન્ટેન્ડેન્ટને મોકલશે અને શાળા બહારનું સસ્પેન્શન લાદવાના કારણોની વ્યાખ્યાનું વર્ણન કરશે.

*સુપરિન્ટેન્ડેન્ટની અપીલ સુનાવણી*

આચાર્યની સુનાવણી બાદ જો કોઈ વિદ્યાર્થી પર લાંબા ગાળાનું સસ્પેન્શન લાદવામાં આવે છે, તો તેની પાસે

આચાર્યના નિર્ણયને અધિક્ષકની સામે અપીલ કરવાનો અધિકાર રહે છે. વિદ્યાર્થીને લાંબા ગાળાના સસ્પેન્શન માટે આચાર્યની સુનાવણીમાં પૂરા પાડવામાં આવેલ તમામ અધિકારો હશે.

વિદ્યાર્થી અથવા માતાપિતાને લાંબા ગાળાના સસ્પેન્શનની અસરકારક તારીખના પાંચ (5) કેલેન્ડર દિવસોની અંદર સુપરિન્ટેન્ડેન્ટ (અધિક્ષક) પાસે અપીલની લેખિત સૂચના દાખલ કરાવવાની રહેશે, અને પાંચ (5) કેલેન્ડર દિવસની અંદર તેઓ લેખિત સૂચના દાખલ કરાવવા માટે સુપરિન્ટેન્ડેન્ટ પાસે સાત (7) વધારાના કેલેન્ડર દિવસો સુધીનો સમય વધારવાની વિનંતી કરી શકે છે અને પ્રાપ્ત કરી શકે છે. જો અપીલ સમયસર દાખલ કરવામાં ન આવે, તો સુપરિન્ટેન્ડેન્ટ અપીલને નકારી શકે છે અથવા યોગ્ય કારણોસર, પોતાની વિવેકબુદ્ધિથી અપીલને મંજૂરી આપી શકે છે.

સુપરિન્ટેન્ડેન્ટ વિદ્યાર્થીની વિનંતીના ત્રણ (3) શાળા દિવસની અંદર સુનાવણી હાથ ધરશે, સિવાય કે વિદ્યાર્થી અથવા માતાપિતાએ સાત (7) વધારાના કેલેન્ડર દિવસની માંગ ન કરી હોય, આવા કિસ્સામાં સુપરિન્ટેન્ડેન્ટ વધારાના સમય માટે મંજૂરી આપશે.

સુપરિન્ટેન્ડેન્ટ સુનાવણીમાં માતાપિતાનો સમાવેશ કરવા માટેના સદ્ભાવનાપૂર્ણ પ્રયત્ન કરશે. જો સુપરિન્ટેન્ડેન્ટે સુનાવણી માટે એવો કોઈ દિવસ અને સમય શોધવાનો પ્રયત્ન કર્યો હોય કે જે દિવસે અને સમયે માતાપિતા અને સુપરિન્ટેન્ડેન્ટ ભાગ લઈ શકે, તો એવું માનવામાં આવશે કે તેમણે સદ્ભાવનાપૂર્વક પ્રયત્ન કર્યો છે. સુપરિન્ટેન્ડેન્ટ સુનાવણીની તારીખ, સમય, અને સ્થાનને લગતી લેખિત સૂચના માતાપિતાને મોકલશે.

અધિક્ષક એ વાતની ખાતરી કરવા માટે સુનાવણી હાથ ધરશે કે શું વિદ્યાર્થીએ શિસ્તબદ્ધ ગુનો કર્યો છે કે જેનો આરોપ વિદ્યાર્થી પર મૂકવામાં આવ્યો છે, અને જો એમ હોય તો, તેનું પરિણામ શું હશે. સુપરિન્ટેન્ડેન્ટ સુનાવણીની ઓડિયો રેકોર્ડિંગની વ્યવસ્થા કરશે, જેની એક નકલ વિદ્યાર્થી અથવા માતાપિતાને વિનંતી કરવા પર આપવામાં આવશે. સુપરિન્ટેન્ડેન્ટ સુનાવણી પહેલાં તમામ સહભાગીઓને જાણ કરશે કે ઑડિયો રેકોર્ડિંગ કરવામાં આવશે અને વિનંતી કરવા પર વિદ્યાર્થી તથા માતાપિતાને એક નકલ પૂરી પાડવામાં આવશે. સુપ્રિટેન્ડેન્ટ સુનાવણીના પાંચ (5) કેલેન્ડર દિવસોની અંદર લેખિત નિર્ણય જાહેર કરશે જે 603 CMR 53.08(3)(c)1 થી 5 ની જરૂરિયાતોને પૂર્ણ કરે છે. જો સુપરિન્ટેન્ડેન્ટ નિર્ણય કરે છે કે વિદ્યાર્થીએ શિસ્તબદ્ધ ગુનો કર્યો છે, તો સુપરિન્ટેન્ડેન્ટ સમાન અથવા તો ઓછું પરિણામ લાદી શકે છે, પરંતુ આચાર્ય દ્વારા લાદવામાં આવેલ સસ્પેન્શન કરતા વધારે લાદી શકશે નહીં.

સુપરિન્ટેન્ડેન્ટનો નિર્ણય સ્કૂલ ડિસ્ટ્રિક્ટનો અંતિમ નિર્ણય રહેશે.

*શાળા-વ્યાપી શિક્ષણ સેવા યોજના*

આચાર્ય દ્વારા તૈયાર કરવામાં આવેલ એક દસ્તાવેજ જેમાં એવા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ શૈક્ષણિક સેવાઓની સૂચિ શામેલ છે જેઓને સતત દસ (10) દિવસથી વધુ સમય માટે શાળામાંથી કાઢી નાખવામાં અથવા સસ્પેન્ડ કરવામાં આવે છે. આ સૂચિમાં એવા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે કે જેમાં રજૂઆત થાય છે કે વિદ્યાર્થી પોતાના સસ્પેન્શન અથવા કાઢી મૂકવામાં આવે તે સમય દરમિયાન શૈક્ષણિક સેવાઓ મેળવવાનું ચાલુ રાખી શકે છે. યોજનાઓ દરેક શાળા કચેરીમાં ઉપલબ્ધ છે.

**37H હેઠળ બહિષ્કરણ/હકાલપટ્ટી**

મેસેચ્યુસેટ્સ જનરલ લો, પ્રકરણ 71, વિભાગ, 37H અનુસાર વિદ્યાર્થીનું શાળામાંથી બહિષ્કરણ અથવા હકાલપટ્ટી કરવામાં આવશે. બહિષ્કરણ અથવા હકાલપટ્ટીના કારણોમાં નીચેનાનો સમાવેશ થાય છે, પરંતુ તે પૂરતું મર્યાદિત નથી:

a. કોઈપણ વિદ્યાર્થી કે જે શાળાના પરિસરમાં અથવા શાળા-પ્રાયોજિત અથવા શાળા-સંબંધિત કાર્યક્રમોમાં, જેમાં એથલેટિક રમતોનો પણ સમાવેશ થાય છે, કોઈ ખતરનાક હથિયાર સાથે જોવા મળે છે, જેમાં બંદૂક, છરી, અથવા તેમની નકલ, અથવા હુમલો અને મારધાડમાં ઉપયોગમાં લેવામાં આવતી કોઈપણ વસ્તુનો સમાવેશ થાય છે; અથવા પ્રકરણ 94 C માં વ્યાખ્યાયિત કરાયેલ નિયંત્રિત પદાર્થ, જેમાં મારિજુઆના, કોકેન, અને હેરોઇનનો સમાવેશ થાય છે, પરંતુ તે પૂરતું જ મર્યાદિત નથી, તો આચાર્ય દ્વારા તેને શાળા અથવા શાળા જિલ્લામાંથી કાઢી મૂકવામાં આવી શકે છે.
b. શાળાના પરિસરમાં અથવા શાળા-પ્રાયોજિત અથવા શાળા સંબંધિત કાર્યક્રમોમાં કોઈપણ એવો વિદ્યાર્થી જોવા મળે, એથ્લેટિક રમતો સહિત, કે જે આચાર્ય, સહાયક આચાર્ય, શિક્ષક, શિક્ષકના સહાયક અથવા અન્ય શૈક્ષણિક સ્ટાફ પર હુમલો કરે છે, તો આવી સ્થિતિમાં આચાર્ય દ્વારા શાળા અથવા શાળા ડિસ્ટ્રિક્ટમાંથી હકાલપટ્ટી કરવામાં આવી શકે છે.
c. એવો કોઈપણ વિદ્યાર્થી કે જેના પર પેરેગ્રાફ (a) અથવા (b) ના ઉલ્લંઘનનો આરોપ લગાવવમાં આવ્યો હોય, તેને સુનાવણીની તક વિશે લેખિતમાં સૂચિત કરવામાં આવશે; જો કે, વિદ્યાર્થી પાસે આચાર્ય સમક્ષ સુનાવણીમાં પુરાવા અને સાક્ષીઓ રજૂ કરવાની તકની સાથે-સાથે પ્રતિનિધિત્વ પણ હોઈ શકે છે. ઉક્ત સુનાવણી પછી, આચાર્ય, પોતાની વિવેકબુદ્ધિથી, એવા વિદ્યાર્થીને કાઢી મૂકવાને બદલે સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરી શકે છે, જેના વિશે આચાર્યએ નિર્ણય કર્યો છે કે તેણે પેરેગ્રાફ (a) અથવા (b) નું ઉલ્લંઘન કર્યું છે.
d. આ જોગવાઈઓ અનુસાર શાળા ડિસ્ટ્રિક્ટમાંથી કાઢી મૂકવામાં આવેલ કોઈપણ વિદ્યાર્થીને સુપરિન્ટેન્ડન્ટને અપીલ કરવાનો અધિકાર છે. હકાલપટ્ટી થયેલ વિદ્યાર્થી પાસે હકાલપટ્ટીની તારીખથી દસ દિવસનો સમય રહેશે જેની અંદર તે સુપરિન્ટેન્ડન્ટને અપીલ કરી શકે છે. વિદ્યાર્થીને સુપરિન્ટેન્ડન્ટ સમક્ષ સુનાવણી વખતે સલાહ કરવાનો અધિકાર છે. અપીલનો વિષય માત્ર આ જ વાસ્તવિક નિર્ણય સુધી મર્યાદિત રહેશે નહિ કે શું વિદ્યાર્થીએ આ સેક્શનની કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું છે કે કેમ.
e. જો વિદ્યાર્થી સસ્પેન્શન અથવા હકાલપટ્ટીના સમયગાળા દરમિયાન અન્ય કોઈ ડિસ્ટ્રિક્ટમાં જાય છે, તો શૈક્ષણિક સેવા યોજનામાં રહેઠાણ વિસ્તારના નવા ડિસ્ટ્રિક્ટે વિદ્યાર્થીને તેની શાળાઓમાં પ્રવેશ આપવાનો રહેશે અથવા વિદ્યાર્થીને શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવાની રહેશે.
f. આ વિભાગ અનુસાર સસ્પેન્ડ અથવા કાઢી મૂકવામાં આવેલ કોઈપણ વિદ્યાર્થીને, પોતાને કાઢી મૂકવામાં આવેલ સમયગાળા દરમિયાન શૈક્ષણિક પ્રગતિ કરવા માટે, જરૂરિયાત પ્રમાણે ક્રેડિટ અર્જિત કરવાની, એસાઈમેન્ટો, કસોટીઓ, પેપરો, અને અન્ય શાળાના કાર્ય કરવાની તક મળશે.
g. કોઈપણ વિદ્યાર્થી કે જેને આ કાનૂન મુજબ સતત દસ (10) દિવસથી વધુ સમય માટે સસ્પેન્ડ અથવા કાઢી મૂકવામાં આવે છે, તેને શાળા-વ્યાપી શિક્ષણ સેવા યોજના મારફતે શિક્ષણ સેવાઓ પ્રાપ્ત કરવાની અને રાજ્ય અને સ્થાનિક જરૂરિયાતોને પૂરી કરવાની દિશામાં શૈક્ષણિક પ્રગતિ કરવાની તક મળશે.

**37 H 1/2 હેઠળ ગુનાહિત ફરિયાદ અથવા પ્રતીતિ (ગુનાની સાબિતી)**

મેસેચ્યુસેટ્સ જનરલ લોઝ અધ્યાય 37 એચ ½ અનુસાર, ગુનાના આરોપમાં અથવા દોષિત ઠેરવવામાં આવેલા વિદ્યાર્થીઓ માટે નીચેની પ્રક્રિયાઓ લાગુ કરવામાં આવશે:

a. કોઈ વિદ્યાર્થી પર ગુનાને લગતો આરોપ લગાવતી ફોજદારી ફરિયાદ બહાર પાડ્યા પછી અથવા કોઈ વિદ્યાર્થી પર ગુનાને લગતા અપરાધની ફરિયાદ નોંધાવા પર, અને સાથે જો આચાર્યને એવું લાગતું હોય અને નક્કી કરે કે શાળામાં વિદ્યાર્થીની સતત હાજરીથી શાળાના સામાન્ય કલ્યાણ પર નોંધપાત્ર હાનિકારક અસર થશે તો વિદ્યાર્થીની શાળાના આચાર્ય આવા વિદ્યાર્થીને અમુક સમય માટે સસ્પેન્ડ કરી શકે છે. વિદ્યાર્થીને અપીલ કરવાના આ અધિકારની તથા આવા સસ્પેન્શનના અમલીકરણના કારણોની લેખિત સૂચના પ્રાપ્ત થશે

b. વિદ્યાર્થી પાસે સુપરિન્ટેન્ડેંટ સમક્ષ સસ્પેન્શનની અપીલ કરવાનો અધિકાર રહેશે. વિદ્યાર્થી સસ્પેન્શનની અસરકારક તારીખ પછીના પાંચ (5) કેલેન્ડર દિવસોની અંદર જ સુપરિન્ટેન્ડેન્ટને લેખિતમાં અપીલ માટેની વિનંતી કરી શકે છે. અપીલ માટેની વિદ્યાર્થીની વિનંતીના ત્રણ (3) કેલેન્ડર દિવસોની અંદર સુપરિન્ટેન્ડેન્ટ વિદ્યાર્થી અને વિદ્યાર્થીના માતાપિતા અથવા વાલી સાથે સુનાવણી આયોજિત કરશે. સુનાવણી વખતે, વિદ્યાર્થી પાસે સલાહનો અધિકાર રહેશે. સુપરિન્ટેન્ડેન્ટ પાસે આચાર્ય અથવા હેડમાસ્ટરના નિર્ણયને ઉથલાવવા અથવા બદલવાની સત્તા હશે, જેમાં વિદ્યાર્થી માટેના વૈકલ્પિક શૈક્ષણિક કાર્યક્રમની ભલામણનો પણ સમાવેશ છે. સુપરિન્ટેન્ડેન્ટ સુનાવણીના પાંચ (5) કેલેન્ડર દિવસોની અંદર અપીલ પર નિર્ણય કરશે. સસ્પેન્શનને લગતો આવો નિર્ણય સ્કૂલ ડિસ્ટ્રિક્ટનો અંતિમ નિર્ણય હશે.

c. જો કોઈ વિદ્યાર્થીને ગુનાખોરી માટે દોષિત ઠેરવવામાં આવે અથવા આવા ગુના અથવા ગુનાખોરીના સંદર્ભમાં અપરાધને અદાલતમાં સ્વીકારી લેવામાં આવતા, અને જો આચાર્યને એવું લાગતું હોય અને નક્કી કરે કે શાળામાં વિદ્યાર્થીની સતત હાજરીથી શાળાના સામાન્ય કલ્યાણ પર નોંધપાત્ર હાનિકારક અસર થશે તો વિદ્યાર્થીની શાળાના આચાર્ય આવા વિદ્યાર્થીને કાઢી શકે છે. આ પ્રકારની હકાલપટ્ટી અમલમાં મુકાય તે પહેલા વિદ્યાર્થીને લેખિતમાં આરોપોની સૂચના અને આવા હકાલપટ્ટીના કારણો પ્રાપ્ત થવા જોઈએ. વિદ્યાર્થીને તેના અપીલના અધિકાર અને આવી હકાલપટ્ટીની અપીલ માટેની પ્રક્રિયાની લેખિત સૂચના પણ પ્રાપ્ત થવી જોઈએ, જો કે, સુપરિન્ટેન્ડેન્ટ દ્વારા હાથ ધરવામાં આવેલી કોઈપણ અપીલની સુનાવણી પહેલા આવી હકાલપટ્ટી પર અમલ થવો જોઈએ.

d. વિદ્યાર્થી પાસે સુપરિન્ટેન્ડેંટ સમક્ષ હકાલપટ્ટીની અપીલ કરવાનો અધિકાર રહેશે. વિદ્યાર્થી હકાલપટ્ટીની અસરકારક તારીખ પછીના પાંચ (5) કેલેન્ડર દિવસોની અંદર જ સુપરિન્ટેન્ડેન્ટને લેખિતમાં અપીલ માટેની વિનંતી કરી શકે છે. હકાલપટ્ટીના ત્રણ (3) કેલેન્ડર દિવસોની અંદર સુપરિન્ટેન્ડેન્ટ વિદ્યાર્થી અને વિદ્યાર્થીના માતાપિતા અથવા વાલી સાથે સુનાવણી આયોજિત કરશે. સુનાવણીમાં, વિદ્યાર્થી પાસે તેના વતી મૌખિક અને લેખિત જુબાની રજૂ કરવાનો અધિકાર હશે, અને સાથે સલાહ કરવાનો અધિકાર હશે. સુપરિન્ટેન્ડેન્ટ પાસે આચાર્યના નિર્ણયને ઉથલાવવા અથવા બદલવાની સત્તા હશે, જેમાં વિદ્યાર્થી માટેના વૈકલ્પિક શૈક્ષણિક કાર્યક્રમની ભલામણનો પણ સમાવેશ છે. સુપરિન્ટેન્ડેન્ટ સુનાવણીના પાંચ (5) કેલેન્ડર દિવસોની અંદર અપીલ પર નિર્ણય કરશે. હકાલપટ્ટીને લગતો આવો નિર્ણય સ્કૂલ ડિસ્ટ્રિક્ટનો અંતિમ નિર્ણય હશે.

e. આ વિભાગ અનુસાર સસ્પેન્ડ અથવા કાઢી મૂકવામાં આવેલ કોઈપણ વિદ્યાર્થીને, પોતાને કાઢી મૂકવામાં

આવેલ સમયગાળા દરમિયાન શૈક્ષણિક પ્રગતિ કરવા માટે, જરૂરિયાત પ્રમાણે ક્રેડિટ અર્જિત કરવાની, એસાઈમેન્ટો, કસોટીઓ, પેપરો, અને અન્ય શાળાના કાર્ય કરવાની તક મળશે.

f. કોઈપણ વિદ્યાર્થી કે જેને આ કાનૂન મુજબ સતત દસ (10) દિવસથી વધુ સમય માટે સસ્પેન્ડ અથવા કાઢી મૂકવામાં આવે છે, તેને શાળા-વ્યાપી શિક્ષણ સેવા યોજના મારફતે શિક્ષણ સેવાઓ પ્રાપ્ત કરવાની અને રાજ્ય અને સ્થાનિક જરૂરિયાતોને પૂરી કરવાની દિશામાં શૈક્ષણિક પ્રગતિ કરવાની તક મળશે.

**ઈમરજન્સીમાં કાઢી મૂકવા**

અમુક ઈમરજન્સીના સંજોગોમાં, એવું શક્ય ન પણ હોઈ શકે કે આચાર્ય અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ કોઈ વિદ્યાર્થીને શાળામાંથી બહાર કરતા પહેલા મૌખિક અને લેખિત સૂચના આપી શકે. જ્યારે કોઈ વિદ્યાર્થી પર શિસ્તબદ્ધ ગુનાનો આરોપ લગાડવામાં આવે છે અને વિદ્યાર્થીની સતત હાજરી વ્યક્તિઓ અથવા સંપત્તિ માટે જોખમ ઊભું કરતી હોય, અથવા શાળાના સંચાલનને ભૌતિક રીતે વિક્ષેપિત કરતી હોય, અને, આચાર્યના (અથવા તેના/તેણીના નિયુક્ત) નિર્ણયમાં, ભય અથવા વિક્ષેપને દૂર કરવા માટે કોઈ અન્ય વિકલ્પ ઉપલબ્ધ ન હોય, ત્યારે આવી પરિસ્થિતિમાં આચાર્ય અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ વિદ્યાર્થીને અસ્થાયી ધોરણે શાળામાંથી કાઢી શકે છે. આચાર્ય અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ તરત જ સુપરિન્ટેન્ડન્ટને હટાવવાની અને તેના કારણની લેખિતમાં જાણ કરશે, અને વિદ્યાર્થી દ્વારા રજૂ થયેલ જોખમનું વર્ણન કરશે. ઈમરજન્સી હટાવવાના (રિમૂવલ) દિવસ પછી અસ્થાયી નિકાલ બે (2) શાળા દિવસથી વધુ ન હોવો જોઈએ, તે સમય દરમિયાન આચાર્ય:

1) ઈમરજન્સી રિમૂવલ, ઈમરજન્સી રિમૂવલની જરૂરિયાતનું કારણ, શિસ્તબદ્ધ ગુનો, આરોપ માટેનો આધાર, સંભવિત પરિણામો, સસ્પેન્શનની સંભવિત અવધિ સહિત, સુનાવણીની તારીખ/સમય/સ્થાન સહિતની સુનાવણીની તક, દુભાષિયા સેવાઓનો અધિકાર, અને 603 CMR 53.08(3)(b) માં નિર્ધારિત લાંબા ગાળાના સસ્પેન્શન પર મૂકવામાં આવી શકનારા વિદ્યાર્થીઓ માટેના અન્ય અધિકારો વિશે વિદ્યાર્થી અને વિદ્યાર્થીના માતાપિતાને જાણ કરવા માટે તાત્કાલિક અને યોગ્ય પ્રયત્નો કરવા જોઈએ;
2) 603 CMR 53.06 (2) માં વર્ણવેલ માહિતી સહિત, વિદ્યાર્થી અને માતાપિતાને લેખિત સૂચના પૂરી પાડવી જોઈએ;
3) વિદ્યાર્થીને આચાર્ય અથવા તેમના દ્વારા નિયુક્ત વ્યક્તિ સાથે સુનાવણીની તક પ્રદાન કરશે જે લાગુ પડતા 603 CMR 53.08(2) અથવા 53.08(3) નું પાલન કરે છે, જેવું કે લાગુ છે, અને માતાપિતાને સુનાવણીમાં હાજર રહેવાની તક આપશે, બે (2) શાળા દિવસોની સમાપ્તિ પહેલાં, જ્યાં સુધી સુનાવણી માટેના સમયના વિસ્તરણ માટે આચાર્ય, વિદ્યાર્થી, અને માતાપિતા અન્યથા સંમતિ ન આપી દે;
4) સુનાવણીના જ દિવસે મૌખિક, અને આગામી શાળા દિવસ સુધી લેખિતમાં નિર્ણય આપશે, જે 603 CMR 53.08(2)(c) અને 53.08(2)(d) અથવા 603 CMR 53.08(3)(c) અને 53.08(3)(d) ની આવશ્યકતાઓને પૂર્ણ કરે છે, જેવું લાગુ હોય.

જ્યાં સુધી વિદ્યાર્થીની સલામતી અને પરિવહન માટે પૂરતી વ્યવસ્થા કરવામાં ન આવે ત્યાં સુધી આચાર્ય કોઈપણ વિદ્યાર્થીને શિસ્તબદ્ધ ગુના માટે ઇમરજન્સી ધોરણે શાળામાંથી કાઢી શકશે નહીં.

**વિદ્યાર્થીનું જોખમ મૂલ્યાંકન**

નીચે પ્રમાણેની વહીવટી પ્રક્રિયાનો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે જ્યારે કોઈ વિદ્યાર્થીને શાળામાં સ્વયં માટે

અથવા અન્ય લોકો માટે સંભવિત જોખમ માનવામાં આવે છે.

- સંપૂર્ણ તપાસ માટે વહીવટીતંત્ર પાસે મોકલવું;
- માતાપિતાનો સંપર્ક, વિદ્યાર્થીને શાળામાંથી કાઢી મૂકવો, અને વિદ્યાર્થીને માતાપિતા પાસે મોકલવો, લાયસન્સ પ્રાપ્ત માનસિક આરોગ્ય વ્યવસાયી દ્વારા જોખમ મૂલ્યાંકન પ્રાપ્ત કરવું. માતાપિતાને જોખમ મૂલ્યાંકનમાં સમાવેશ થનાર જરૂરી તત્વોની સૂચિ આપવામાં આવશે;
- બાબતની સૂચના શાળા અધિક્ષક તથા, યોગ્ય હોય, તો પોલીસને આપવામાં આવશે;
- વહીવટીતંત્ર દ્વારા પ્રત્યક્ષ સંકળાયેલા અથવા શામેલ અન્ય વિદ્યાર્થીઓના માતાપિતાનો સંપર્ક કરવો;
- યોગ્ય કાર્યવાહીની સાથે જોખમ મૂલ્યાંકન પૂર્ણ થયું. વિદ્યાર્થી આચાર્યના નિર્ણય મુજબ શાળામાં પરત આવે છે, જે લાઇસન્સ પ્રાપ્ત માનસિક આરોગ્ય વ્યવસાયી દ્વારા જોખમ મૂલ્યાંકનના પરિણામ અને વિદ્યાર્થીના માતાપિતા સાથેના કોન્ફરંસ પર નિર્ભર રહે છે. વ્યક્તિગત સંજોગો અને વિદ્યાર્થીની પુનઃપ્રવેશ યોજનાની રચનાના આધારે આગળની શિસ્તબદ્ધ કાર્યવાહી અથવા હસ્તક્ષેપ શક્ય છે;
- જો જરૂરી જણાય તો, જોખમ મૂલ્યાંકનની સમીક્ષા કરવા અને કાર્યવાહીની પદ્ધતિ નક્કી કરવા માટે બાળ અભ્યાસ ટીમની રચના;
- શાળા વહીવટીતંત્ર દ્વારા યોગ્ય માનવામાં આવતા આગામી સમયગાળા માટે વિદ્યાર્થી અને/અથવા પરિસ્થિતિનું નિરીક્ષણ કરવું.

**વિદ્યાર્થીઓના શિસ્ત માટેની પ્રક્રિયાત્મક જરૂરિયાતો હજુ સુધી નક્કી કરવામાં આવી નથી**

જો, શિસ્તની કાર્યવાહી પહેલાં, કોઈ જિલ્લાને એ જાણ હતી કે આ વિદ્યાર્થી અસમર્થ વિદ્યાર્થી હોઈ શકે છે, તો જિલ્લો વિદ્યાર્થીને ત્યાં સુધી તમામ સુરક્ષા ઉપલબ્ધ કરાવે છે જ્યાં સુધી વિદ્યાર્થીને પછીથી પાત્ર નથી ગણવામાં આવતો. જિલ્લાને પૂર્વજ્ઞાન હોવાનું માનવામાં આવી શકે છે જો:

- માતાપિતાએ લેખિતમાં ચિંતા વ્યક્ત કરી હતી; અથવા માતાપિતાએ મૂલ્યાંકનની વિનંતી કરી હતી; અથવા
- ડિસ્ટ્રિક્ટ સ્ટાફે વિદ્યાર્થી દ્વારા આચરવામાં આવેલા વર્તનની પદ્ધતિને લઈને ચિંતા વિદ્યાર્થી કર્મચારીના નિયામક અથવા અન્ય સુપરવાઇઝર કર્મચારીઓ પાસે વ્યક્ત કરી હતી.

જો માતાપિતાએ વિદ્યાર્થીના મૂલ્યાંકન માટે સંમતિ આપી ન હોય અથવા વિશેષ શિક્ષણ સેવાઓ માટે મનાઈ કરી હોય, અથવા જો વિદ્યાર્થીના મૂલ્યાંકનના પરિણામે અયોગ્યતા નક્કી થઈ હોય, તો એનો અર્થ છે કે ડિસ્ટ્રિક્ટને આની પહેલેથી જાણ ન હતી.

જો ડિસ્ટ્રિક્ટ પાસે વિદ્યાર્થીને અક્ષમ માનવાનું કોઈ કારણ ન હતું, અને માતાપિતા શિસ્તબદ્ધ કાર્યવાહી પછી મૂલ્યાંકનની વિનંતી કરે છે, તો ડિસ્ટ્રિક્ટ પાસે પાત્રતા નક્કી કરવા માટે એક ઝડપી મૂલ્યાંકન કરવા માટે સંઘીય આવશ્યકતાઓ પ્રમાણે પ્રક્રિયાઓ હોવી જોઈએ.

જો વિદ્યાર્થી પાત્ર હોવાનું જણાય છે, તો તે વિદ્યાર્થીને પાત્ર સાબિત થયા પછીની તમામ પ્રક્રિયાગત સુરક્ષા પ્રાપ્ત થાય છે.

**અસમર્થ (ડિસેબલ) વિદ્યાર્થીઓ માટે શિસ્ત**

તમામ વિદ્યાર્થીઓ પુસ્તિકામાં દર્શાવ્યા મુજબ વર્તન કરે તેવી અપેક્ષા રાખવામાં આવે છે. વિશેષ જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓને શિસ્તબદ્ધ કરવા અંગે શિક્ષણ વિભાગની નીતિ પ્રમાણે ટીમ મૂલ્યાંકનથી એ નક્કી થાય છે કે વિદ્યાર્થીની અક્ષમતા શું છે કે જેના માટે વિદ્યાર્થી પુસ્તિકામાં દર્શાવેલ નિયમો અને નિયમનોમાં ફેરફારની જરૂરિયાત છે. ખાસ જરૂરિયાતોવાળા વિદ્યાર્થીઓના શિસ્ત માટે નીચેની વધારાની આવશ્યકતાઓ લાગુ થાય છે:

1. તમામ અક્ષમ વિદ્યાર્થીઓ માટે I.E.P. અથવા 504 યોજના સૂચવશે કે શું વિદ્યાર્થી પાસે નિયમિત *શિસ્ત કોડને* પૂર્ણ કરવાની અપેક્ષા રાખી શકાય કે નહીં અથવા શું વિદ્યાર્થીની અક્ષમતાની સ્થિતિને કારણે ફેરફારની જરૂર છે કે કેમ;
2. સસ્પેન્શનની વ્યાખ્યા એક એવા દિવસ તરીકે કરવામાં આવે છે કે જેમાં ખાસ જરૂરિયાતોવાળા/504 વિદ્યાર્થીઓને વિદ્યાર્થી પુસ્તિકમાં દર્શાવેલ નિયમો અને નિયમનોનું પાલન ન કરવાના પરિણામે સામાન્ય શિક્ષણ અભ્યાસક્રમ અને વિશેષ જરૂરિયાતો સેવાઓમાં ભાગ લેવાની તકથી વંચિત રાખવામાં આવે છે;
3. જ્યારે જાણ થાય છે કે અક્ષમ વિદ્યાર્થીઓના સસ્પેન્શન(નો)ને એક શાળા વર્ષમાં દસ દિવસ સુધી લાગુ કરવામાં આવશે, ત્યારે વિદ્યાર્થીના પ્લેસમેન્ટ અથવા પ્રોગ્રામની યોગ્યતા નક્કી કરવા માટે I.E.P. અથવા 504 યોજનાની સમીક્ષા કરવામાં આવશે. ટીમ વિદ્યાર્થીના ગેરવર્તન અને તેની/તેણીની અક્ષમ સ્થિતિ વચ્ચેના સંબંધ વિશે તપાસ કરશે અને કાં તો: a) વિદ્યાર્થીઓ માટે એક સંશોધિત કાર્યક્રમ તૈયાર કરશે અથવા b) સસ્પેન્શન દરમિયાન વિશેષ શિક્ષણ સેવાઓ પૂરી પાડવા તથા શાળાના શિસ્ત સંહિતાના સંબંધમાં I.E.P. અથવા 504 પ્લાનમાં કોઈપણ ફેરફાર માટે એક સુધારો તૈયાર કરશે;
4. 10 સતત દિવસથી વધુનું સસ્પેન્શન અથવા તો સસ્પેન્શનની એક શ્રેણી જે સતત 10 દિવસથી ઓછી છે પરંતુ એક પેટર્ન બનાવે છે તેને પ્લેસમેન્ટમાં ફેરફાર જેવુ માનવામાં આવે છે. જ્યારે કોઈ સસ્પેન્શનથી અક્ષમ વિદ્યાર્થીની નિયુક્તિમાં ફેરફાર થાય છે, તો જિલ્લા કર્મચારીઓ, માતાપિતા અને ટીમના અન્ય સંબંધિત સભ્યો, જેમ કે માતાપિતા અને જિલ્લા દ્વારા નક્કી કરવામાં આવે છે, સસ્પેન્શનના નિર્ણયના 10 દિવસની અંદર વિદ્યાર્થીની ફાઇલમાં તમામ સંબંધિત માહિતીની સમીક્ષા કરવા માટે એકત્રિત થાય છે, જેમાં IEP, કોઈ ટીચર નિરીક્ષણો, અને માતાપિતા તરફથી કોઈપણ સંબંધિત માહિતીનો સમાવેશ થાય છે, તે નક્કી કરવા માટે કે શું આ વર્તન અક્ષમતાને કારણે ઉદ્ભવ્યો હતો અથવા તેનો અક્ષમતા સાથે સીધો અને નોંધપાત્ર સંબંધ હતો અથવા તો જિલ્લા દ્વારા IEP "અભિવ્યક્તિ નિર્ધારણ" લાગુ કરવામાં નિષ્ફળતાનું પ્રત્યક્ષ પરિણામ હતું;
5. જો ડિસ્ટ્રિક્ટ કર્મચારીઓ, માતાપિતા અને ટીમના અન્ય સંબંધિત સભ્યો નક્કી કરે છે કે વર્તન એ અક્ષમતાની અભિવ્યક્તિ નથી, તો સસ્પેન્શન અથવા હકાલપટ્ટી અક્ષમતા વિનાના કોઈપણ વિદ્યાર્થી પર લાગુ નીતિઓ પ્રમાણે થઈ શકે છે, સિવાય કે ડિસ્ટ્રિક્ટે હજુ પણ આ પ્રસ્તાવ આપવો પડશે:
   a. વિદ્યાર્થીને સક્ષમ કરવા માટેની સેવાઓ, જોકે અન્ય બીજા વાતાવરણમાં, સામાન્ય શિક્ષણ અભ્યાસક્રમમાં ભાગ લેવાનું ચાલુ રાખવા અને IEP લક્ષ્યોની તરફ પ્રગતિ કરવા માટે; અને
   b. જરૂરિયાત જણાતા, વર્તનને સંબોધવા માટે એક વ્યવહારિક વર્તનલક્ષી મૂલ્યાંકન અને વર્તનલક્ષી

હસ્તક્ષેપ સેવાઓ અને ફેરફારો, જેથી કરીને તે ફરીથી ન થાય.

6. વચગાળાના (ઇન્ટરિમ) વૈકલ્પિક શૈક્ષણિક વાતાવરણ. અભિવ્યક્તિ નિર્ધારણને ધ્યાનમાં લીધા વિના, ડિસ્ટ્રિક્ટ વિદ્યાર્થીને 45 શાળા દિવસ સુધી અસ્થાયી વૈકલ્પિક શૈક્ષણિક સેટિંગમાં (ટીમ દ્વારા નક્કી કર્યા મુજબ) મૂકી શકે છે.
   a. તેના પોતાના અધિકાર પર જો વર્તનમાં હથિયારો અથવા ગેરકાયદેસર ડ્રગ્સ અથવા અન્ય નિયંત્રિત પદાર્થનો સમાવેશ થાય છે અથવા શાળામાં અથવા શાળાના કાર્યક્રમ દરમિયાન અન્ય વ્યક્તિને ગંભીર શારીરિક ઈજા પહોંચાડવી અથવા, કેસ દર કેસ, અનન્ય સંજોગો પર વિચાર કરવો શામેલ છે; અથવા
   b. સુનાવણી અધિકારીના અધિકાર અનુસાર, જો ડિસ્ટ્રિક્ટ એ વાતનો પુરાવો આપે છે કે વિદ્યાર્થી પોતાને અથવા અન્યને ઇજા પહોંચાડે તેવી "નોંધપાત્ર સંભાવના" છે તો કોઈ સુનાવણી અધિકારી વૈકલ્પિક પ્લેસમેન્ટનો આદેશ આપે છે.

   બંને બાબતોમાં, અસ્થાયી વૈકલ્પિક શિક્ષણ વાતાવરણ વિદ્યાર્થીને સામાન્ય અભ્યાસક્રમ ચાલુ રાખવા, અને IEP પર ઓળખાતી સેવાઓ મેળવવાનું ચાલુ રાખવા, અને સમસ્યા વર્તનને સંબોધિત કરવા માટે સેવાઓ પ્રદાન કરવા માટે સક્ષમ બનાવે છે.
7. જો ડિસ્ટ્રિક્ટ કર્મચારીઓ, માતાપિતા અને ટીમના અન્ય સંબંધિત સભ્યો નક્કી કરે છે કે વર્તન એ અક્ષમતાની અભિવ્યક્તિ છે, તો ટીમ કાર્યાત્મક વર્તનલક્ષી મૂલ્યાંકન અને વર્તનલક્ષી હસ્તક્ષેપ યોજના પૂર્ણ કરે છે જો તેણે આવું પહેલાથી ન કર્યું હોય તો. જો વર્તનલક્ષી હસ્તક્ષેપ યોજના પહેલેથી જ ઉપલબ્ધ હોય, તો ટીમ તેની સમીક્ષા કરે છે અને વર્તનનો ઉલ્લેખ કરવા માટે જરૂરિયાત મુજબ તેમાં ફેરફાર કરે છે. સિવાય એના કે જ્યારે તેને ભાગ 5 અનુસાર વચગાળાના વૈકલ્પિક શૈક્ષણિક વાતાવરણમાં મૂકવામાં આવે છે, વિદ્યાર્થી મૂળ પ્લેસમેન્ટમાં પાછો ફરે છે જ્યાં સુધી કે માતાપિતા અને ડિસ્ટ્રિક્ટ અન્યથા સંમત ન થાય અથવા સુનાવણી અધિકારી એક નવો પ્લેસમેન્ટનો આદેશ ન આપે;
8. શિસ્તબદ્ધ કાર્યવાહી કરવાના નિર્ણયની તારીખ પછી નહીં, સ્કૂલ ડિસ્ટ્રિક્ટ તે માતાપિતાને તે નિર્ણય વિશે સૂચના આપે છે અને તેઓને કાર્યવાહીગત સલામતી ઉપાયોની લેખિત સૂચના આપે છે. જો માતાપિતા અપીલ કરવાનું પસંદ કરે છે અથવા સ્કૂલ ડિસ્ટ્રિક્ટ સુનાવણીની વિનંતી કરે છે કારણ કે તેઓનું માનવું છે કે વિદ્યાર્થીના વર્તમાન સ્થિતિ જાળવી રાખવાથી વિદ્યાર્થી અથવા અન્યને ઈજા થવાની સંભાવના છે, તો વિદ્યાર્થી શિસ્તબદ્ધ પ્લેસમેન્ટમાં રહે છે, સુનાવણી અધિકારીના નિર્ણય અથવા શિસ્તબદ્ધ કાર્યવાહી માટેના સમયગાળાના અંત સુધી, જે પણ પહેલા હોય, જ્યાં સુધી કે માતાપિતા અને સ્કૂલ ડિસ્ટ્રિક્ટ અન્યથા સંમત ન થાય.

## ભેદભાવ, શીર્ષક IX અને નાગરિક અધિકાર

સંઘીય (ફેડરલ) કાયદો સંઘીય નાણાકીય સહાય પ્રાપ્ત કરતા શૈક્ષણિક કાર્યક્રમો અથવા પ્રવૃત્તિઓમાં લિંગ અથવા અક્ષમતાના આધારે ભેદભાવ પર પ્રતિબંધ મૂકે છે. 1972 ના શૈક્ષણિક સુધારાઓના શીર્ષક IX ની આવશ્યકતાઓ અનુસાર, Pembroke પબ્લિક સ્કૂલ્સ એ વાતની સૂચના આપે છે કે તે કોઈપણ શૈક્ષણિક કાર્યક્રમો અથવા પ્રવૃત્તિઓ અથવા તો તેમાં રોજગારમાં ભેદભાવ કરતા નથી. Pembroke પબ્લિક સ્કૂલ ડિસ્ટ્રિક્ટ (781-829-0832) ની

Jessica DeLorenzo અને Michael Murphy ને આ બિન-ભેદભાવપૂર્ણ નીતિના અમલીકરણ માટે Pembroke પબ્લિક સ્કૂલ્સના પ્રયત્નોના સંકલન માટે જવાબદાર કર્મચારીઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

જાતીય સતામણી અને જાતીય ભેદભાવ વચ્ચે તફાવત કરવા માટે શીર્ષક IX ના નિયમો બદલાયા છે. વધારાની માહિતી નીચેની લિંકો પર ઉપલબ્ધ છે:

સંઘીય શીર્ષક IX નિયમો: https://www.ed.gov/news/press-releases/us-department-education-releases-final-title-ix-regulations-providing-vital-protections-against-sex-discrimination

મેસેચ્યુસેટ્સ ભેદભાવ વિરોધી કાયદા:
https://malegislature.gov/laws/generallaws/parti/titlexii/chapter76/section5#:~:text=Section%205.,or%20by%20the%20school%20committee.

Pembroke સ્કૂલ સમિતિ નીતિ – GBAA જાતીય સતામણી: chrome-extension://efaidnbmnnibpcajpcglclefindmkaj/https://resources.finalsite.net/images/v1709841392/pembrokek12org/fcylqtjohbcxjuxa7txm/SectionG-Personnel.pdf

## બરતરફી (છૂટવું)

જો તમારું બાળક બસ દ્વારા મુસાફરી કરે છે, તો તે જરૂરી કાગળ અને દેખરેખની જરૂરિયાતને લીધે બરતરફીની મનપસંદ રીત છે. માતાપિતા/સંભાળ રાખનારાઓએ ખાસ બરતરફીની વિનંતીઓને તાત્કાલિક અથવા દબાવપૂર્ણ સંજોગો સુધી જ મર્યાદિત કરવી જોઈએ. વાલીઓએ શાળા દિવસના અંતની 30 મિનિટની અવધિમાં વિદ્યાર્થીઓને ન લેવા જોઈએ કારણ કે વિદ્યાર્થીઓ ઘણીવાર તેમના દિવસની અંતની દિનચર્યાઓના બદલાવમાં અને દિનચર્યાઓમાં ભાગ લઈ રહ્યા હોય છે. જો તમારે શાળા દિવસના અંતે તમારા બાળકને લેવું જ છે, **તો કૃપા કરીને તે દિવસે 2:30 (Bryantville અને Hobomock) અથવા 2:45 (North Pembroke) સુધીમાં પિક અપ પેટ્રોલમાં ગેરહાજરી દાખલ** કરો. **માતાપિતા/સંભાળ રાખનારાઓને ભલામણ કરવામાં આવે છે તેઓએ આ સમય પહેલા વર્ગમાંથી બાળકને લેવાનું ટાળવું જોઈએ.**

### પિક અપ પેટ્રોલ

Pembroke એલિમેન્ટરી સ્કૂલ્સ વિદ્યાર્થીની બરતરફી યોજનામાં ફેરફાર માટે પિક અપ પેટ્રોલનો ઉપયોગ કરે છે. તમારા વિદ્યાર્થીના ખાતામાં એક "ડિફૉલ્ટ યોજના" રાખવામાં આવેલ છે. "ડિફૉલ્ટ યોજના" દર્શાવે છે કે તમારું બાળક શાળાને આપવામાં આવેલી માહિતીના આધારે અઠવાડિયાના દરેક દિવસે ઘરે કેવી રીતે જશે. જો તમારે તમારા બાળકની બરતરફીનું માધ્યમ બદલવા માંગતા હોઉં, તો તમે તેની નોંધ તમારા બાળકના પિક અપ પેટ્રોલ સિસ્ટમમાં કરો તે વધારે સારું છે સિવાય કે કોલ કરો, ઇમેઇલ કરો અથવા તમારા બાળક સાથે કોઈ નોંધ મોકલાવો. પિક અપ પેટ્રોલ સિસ્ટમમાં નોંધ થયા બાદ, ઓફિસ સ્ટાફ તથા વર્ગખંડના ટીચરને તેની જાણ કરવામાં આવશે. *શાળા દિવસ સમાપ્ત થતાના 30 મિનિટ પહેલા સુધી પિક અપ પેટ્રોલ સિસ્ટમમાં બરતરફી યોજનાઓમાં ફેરફાર કરી શકાય છે.*

અમે પિક અપ પેટ્રોલમાં ગેરહાજરી સુવિધાનો ઉપયોગ કરીશું નહીં. જો તમારું બાળક ગેરહાજર રહેશે, તો કૃપા કરીને તમારા બાળકની શાળાને ફોન કરીને અને સંકેત #3 દાખલ કરીને અમારી ગેરહાજરી લાઇનનો ઉપયોગ કરવાનું ચાલુ રાખો.

પિક અપ પેટ્રોલ તરફથી સ્વાગત ઇમેઇલો અને પોતાનું એકાઉન્ટ સેટઅપ કેવી રીતે પૂર્ણ કરવું તે ઓગસ્ટના અંતમાં મોકલવામાં આવશે. જો તમને ઇનબૉક્સમાં ઈમેઈલ જોવા ન મળે તો કૃપા કરીને જંક ફોલ્ડરમાં તપાસો. કોઈપણ પ્રકારના પ્રશ્નો માટે કૃપા કરીને તમારા બાળકની શાળાનો સંપર્ક કરો.

## ડ્રગ પોલિસી

### આલ્કોહોલ (દારૂ) નો ઉપયોગ

શાળાના કોઈ પણ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, માતાપિતા, મહેમાનો, અથવા કર્મચારીઓ દ્વારા કોઈપણ પ્રકારના આલ્કોહોલિક પીણાનો ઉપયોગ, સેવા, કબજો, અથવા વપરાશ પ્રતિબંધિત છે, પછી ભલે કાર્યક્રમ શાળાની મિલકત પર હોય અથવા તેનાથી દૂર હોય. વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, માતાપિતા, અને/અથવા તેમના મહેમાનો કે જેઓ આ નીતિનું ઉલ્લંઘન કરે છે તેઓની વિરુદ્ધ શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે અને/અથવા ભવિષ્યમાં શાળા તરફથી થનારી કોઈપણ પ્રવૃત્તિઓ અથવા પ્રગતિશીલ પ્રવૃત્તિમાં તેઓની પર પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે.

### ડ્રગ્સનો ઉપયોગ

Pembroke શાળા સમિતિ કોઈપણ શાળા અથવા કોઈપણ શાળા-પ્રાયોજિત કાર્યક્રમમાં કોઈપણ પ્રકારની ડ્રગ્સ ના ઉપયોગ, સેવા, કબજો, વપરાશને મંજૂરી આપતી નથી, પછી ભલે તે કાર્યક્રમ શાળાની મિલકત પર હોય અથવા તો તેનાથી દૂર હોય. કોઈપણ વ્યક્તિ જે આ નીતિનું ઉલ્લંઘન કરે છે તેઓ વિદ્યાર્થી પુસ્તિકા તથા રાજ્ય અથવા સંઘીય કાયદા દ્વારા વર્ણવેલ દંડને પાત્ર રહેશે. *(વિદ્યાર્થી પુસ્તિકા અને સંબંધિત વિભાગો અને M.G.L. Ch. 71, Sec.37H ના સંબંધિત વિભાગો જુઓ)*

## ફિલ્ડ ટ્રિપ્સ (પ્રવાસો)

Pembroke શાળા સમિતિ વર્ગખંડ શિક્ષણ પર્યાવરણના વિસ્તરણ તરીકે ફિલ્ડ ટ્રિપ્સ અને વિદ્યાર્થીના પ્રવાસના મૂલ્ય અને મહત્વને ઓળખે છે. આવા અનુભવોથી વિદ્યાર્થીના શિક્ષણમાં વૃદ્ધિ થાય છે અને સક્રિય ભાગીદારીની તકો પૂરી પાડે છે તથા ભાગ લેનારાઓના દ્રષ્ટિકોણને વિસ્તૃત બનાવે છે.

ફિલ્ડ ટ્રિપ્સમાં જનારા વિદ્યાર્થીઓની સલામતીની ખાતરી કરવા માટે, તમામ સંરક્ષકો માટે CORI તપાસ કરાવવી જરૂરી છે.

## પ્રમોશન (આગળના ક્લાસમાં જવું) અને રીટેન્શન (એ જ ક્લાસમાં રહેવું) માટેની માર્ગદર્શિકા

પ્રાથમિક સ્તરે વિદ્યાર્થીને આગળ વધારવો અથવા ત્યાં જ રાખવાનો નિર્ણય વિદ્યાર્થીના પ્રદર્શન અને હાજરી તથા આવા નિર્ણયથી થનારા લાભો અને સંભવિત સમસ્યાઓના મૂલ્યાંકનના આધારે વ્યક્તિગત રીતે નક્કી કરવામાં આવે છે. આવા કિસ્સાઓમાં જ્યાં રીટેન્શન (ત્યાં જ રાખવા) પર વિચાર કરવામાં આવી રહ્યો હોય, ત્યાં શાળાના કર્મચારીઓ તથા વિદ્યાર્થીના પરિવારના વિચારો જાણવામાં આવશે. આ માહિતીના આધારે બિલ્ડિંગના આચાર્ય દ્વારા અંતિમ નિર્ણય લેવામાં આવશે, અને Pembroke શાળા સમિતિની નીતિ અપીલને આધીન નથી. રિપોર્ટો, રિપોર્ટ કાર્ડો, અને ટીચરો, સલાહકારો અને/અથવા સંચાલકો સાથે કોન્ફરંસો મારફતે ગ્રેડ પ્લેસમેન્ટના નિર્ણયો વિશે માતાપિતાને અગાઉથી જાણ કરવામાં આવશે.

## આરોગ્ય સેવાઓ

Dr. Gina Boutwell શાળાના ચિકિત્સક છે. આરોગ્ય પરામર્શ, તાત્કાલિક સંભાળ, અને આરોગ્ય શિક્ષણમાં સહાય માટે નિયમિત શાળાના કલાકો દરમિયાન રજિસ્ટર્ડ નર્સો શાળાઓમાં ઉપલબ્ધ છે.

- દરેક વિદ્યાર્થીના વાર્ષિક ધોરણે સુનાવણી અને દ્રષ્ટિ તપાસ પરીક્ષણો કરવામાં આવે છે, જેમાં નિષ્ફળતા પછી જરૂરિયાત મુજબ રેફરલ ફોલોઅપ કરવામાં આવે છે.
- ગ્રેડ 5 અને તેનાથી આગળના ગ્રેડના વિદ્યાર્થીઓ માટે દર વર્ષે પોસ્ચરલ સ્ક્રિનિંગ (મુદ્રા તપાસ) કરવી જરૂરી છે. તે અહીં ગ્રેડ 5 અને 6 માં હાથ ધરવામાં આવે છે.

### દવાના વહીવટીતંત્રમાં શાળાની જવાબદારી

તમામ દવાઓ શાળામાં કોઈ પુખ્ત વ્યક્તિ દ્વારા પહોંચાડવી આવશ્યક છે, જેમાં ઓવર-ધ-કાઉન્ટર (પ્રિસ્ક્રીપ્શન વગરની દવા) દવાઓનો સમાવેશ પણ થાય છે.

લાંબા-ગાળાની પ્રિસ્ક્રિપ્શન દવાઓ આ હોવું આવશ્યક છે:

1. ફાર્મસીની બોટલ
2. માતાપિતાની પરવાનગી પહોંચ
3. M.D. નો ઓર્ડર

જ્યાં સુધી અન્યથા મંજૂર ન થાય ત્યાં સુધી, શાળા નર્સ 105 CMR 210.000 અને MGL પ્રકરણ 94 ના નિયમો અનુસાર Pembrokeક શાળાઓમાં વિદ્યાર્થીઓને તમામ દવાઓના સંચાલન અને વિતરણ માટે જવાબદાર રહેશે. અપવાદોમાં અસ્થમા, સંબંધિત શ્વસન રોગો, સિસ્ટીક ફાઇબ્રોસિસ, અને ડાયાબિટીસ માટે કોઈપણ નિયત દવાઓનો કબજો અને સ્વ-વહીવટનો સમાવેશ હશે, જેવું કે MGL પ્રકરણ 71, વિભાગ 54B માં ઉલ્લેખિત કરવામાં આવેલ છે.

સંક્રમિત રોગ અથવા સતત 6 દિવસની ગેરહાજરી પછી શાળામાં પરત ફરતી વખતે પ્રમાણપત્રો સાથે લાવવા ફરજિયાત છે અને તે શાળા M.D. પાસેથી પ્રાપ્ત કરી શકાય છે, જો કે, જો તમારા બાળકને ચિકન પોક્સ હોય, તો તેની જાણ શાળાની નર્સ અને તમારા ફેમિલી ડોક્ટરને કરો. તમારા બાળકે 5 થી 7 દિવસ માટે શાળાની બહાર રહેવું જોઈએ, અને ત્યાર બાદ વર્ગખંડમાં પરત ફરતા પહેલા શાળાની નર્સ દ્વારા તેમની ઓફિસમાં તપાસ કરવામાં આવશે.

## આરોગ્ય અને જાતીય શિક્ષણ

મેસેચ્યુસેટ્સ જનરલ લોઝ પ્રકરણ 71, કલમ 32A, જેને પેરેંટલ નોટિફિકેશન લો તરીકે ઓળખવામાં આવે છે, તે અનુસાર માતાપિતા/સંભાળ રાખનારાઓને કોઈપણ એવા અભ્યાસક્રમ વિશે સૂચના મળવી જોઈએ જેમાં પ્રાથમિક રીતે આરોગ્ય અને જાતીય શિક્ષણનો સમાવેશ થાય છે. વ્યાપક આરોગ્ય શિક્ષણ અભ્યાસક્રમ, જેમાં રાજ્યના આરોગ્ય માળખાઓનો સમાવેશ થાય છે, નો લક્ષ્ય તે આપણા વિદ્યાર્થીઓના આરોગ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવાનો છે. ઉપયોગમાં લેવામાં આવતી સૂચનાત્મક સામગ્રીઓમાં વર્ગના પાઠો, વિવિધ હેન્ડઆઉટ્સ અને વિડિઓ પ્રસ્તુતિઓનો સમાવેશ હોઈ શકે છે. જો તમે શાળામાં આ સામગ્રીઓની સમીક્ષા કરવા માંગતા હોઉ, તો તમારી શાળા ઓફિસમાં કૉલ કરીને અનુકૂળ સમય ગોઠવવા

વિનંતી.

અભ્યાસક્રમની સૂચના દરમિયાન દરેક વિદ્યાર્થીની ગોપનીયતાનો આદર કરવામાં આવશે. સામગ્રીઓને સંતુલિત અને વ્ય-યોગ્ય રીતે રજૂ કરવામાં આવશે, જે સ્પષ્ટ કરે છે કે લોકોમાં આરોગ્યને લગતા મુદ્દાઓને લઈને મજબૂત ધાર્મિક અને નૈતિક માન્યતાઓ હોઈ શકે છે અને એમ કે આ માન્યતાઓનું આદર થવું જોઈએ. મેસેચ્યુસેટ્સ કાયદા અને Pembroke શાળા સમિતિ નીતિ હેઠળ, તમે તમારા બાળકને અભ્યાસક્રમના કોઈપણ ભાગમાંથી છૂટ આપી શકો છે જેમાં મુખ્યત્વે માનવ જાતીય શિક્ષણ અથવા માનવ જાતીયતાને લગતા મુદ્દાઓનો સમાવેશ થાય છે. અભ્યાસક્રમના આ ભાગમાંથી છૂટ મેળવનાર કોઈપણ વિદ્યાર્થીને દંડ કરવામાં આવશે નહીં. છૂટ પામેલા વિદ્યાર્થીઓને એક વૈકલ્પિક એસાઈમેન્ટ આપવામાં આવી શકે છે.

## બેઘર વિદ્યાર્થીઓ

જ્યાં સુધી વ્યવહારુ હોય અને કાયદા દ્વારા અપેક્ષિત હોય, ડિસ્ટ્રિક્ટ બેઘર વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો સાથે મળીને કામ કરશે અને તેઓને શાળામાં હાજરીમાં સ્થિરતા અને અન્ય સેવાઓ પૂરી પાડવામાં મદદ કરશે. હાલમાં શાળામાં હાજરી ન આપતા બેઘર વિદ્યાર્થીઓનો પ્રવેશ અને હાજરીની ખાતરી કરવા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. બેઘર વિદ્યાર્થીઓને જિલ્લાની સેવાઓ પૂરી પાડવામાં આવશે, જેના માટે તેઓ પાત્ર છે, જેમાં હેડ સ્ટાર્ટ અને તુલનાત્મક પૂર્વશાળા કાર્યક્રમો, શીર્ષક I, સમાન રાજ્યના કાર્યક્રમો, વિશેષ શિક્ષણ, દ્વિભાષી શિક્ષણ, વ્યાવસાયિક અને તકનીકી કાર્યક્રમો, ગુણી અને પ્રતિભાશાળી કાર્યક્રમો, અને શાળાના પોષણ કાર્યક્રમોનો સમાવેશ થાય છે.

## ગૃહકાર્ય નીતિ

Pembroke શાળા સમિતિ વિદ્યાર્થીઓને અર્થપૂર્ણ હોમવર્ક સોંપવા માટે સમર્થન આપે છે જેથી કરીને વર્ગમાં શીખવવામાં આવેલ કુશળતાઓ, સામગ્રી અથવા વિભાવનાઓને મજબૂત કરી શકાય, અથવા જ્ઞાનમાં વિસ્તાર કરી શકાય, અથવા નવી વિભાવનાઓનું પૂર્વાવલોકન કરી શકાય. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે એસાઈમેન્ટોની લંબાઈ વ્યાજબી હોય અને વિદ્યાર્થીની ઉંમર પ્રમાણે હોય તથા શાળામાં ભણાવવામાં આવેલ હોય. ટીચરો પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ હોમવર્ક એસાઈમેન્ટોની સમીક્ષા કરે અને સમયસર વિદ્યાર્થીઓને ફીડબેક (પ્રતિસાદ) આપતા રહે. જો કોઈ વિદ્યાર્થી પહેલાથી બનાવેલ પરિવારની યોજનાને લીધે ગેરહાજર રહે છે, તો ગેરહાજરી પહેલાં કાર્ય સોંપવામાં આવશે નહીં. પરત આવતા કાર્ય સોંપવામાં આવશે અને પૂર્ણ કરવાની અપેક્ષા કરવામાં આવશે. માંદગી અથવા કુટુંબની ઈમરજન્સીને કારણે ચૂકી ગયેલ કાર્ય સમાપ્તિની તારીખો વ્યક્તિગત ધોરણે નક્કી કરવામાં આવશે.

## ગરમ ભોજન અને નાસ્તાનો કાર્યક્રમ

* મહેરબાની કરીને ધ્યાન આપો કે કોમનવેલ્થ ઓફ મેસેચ્યુસેટ્સે 2024-2025 શાળા વર્ષ માટે તમામ વિદ્યાર્થીઓ માટે ગરમ નાસ્તા (બ્રેકફાસ્ટ) અને લંચ કાર્યક્રમના ખર્ચને માફ કર્યો છે. નાસ્તા (સ્નેક) અને બોટલવાળા પાણી માટે હજુ સુધી પણ વિદ્યાર્થી પાસેથી પૈસા લેવામાં આવશે.

પરિવારો www.myschoolbucks મારફતે એક એકાઉન્ટ ખોલી શકે છે અને પૂર્વચુકવણી કરી શકે છે. એક મફત/ઓછી કિંમતવાળો લંચ પ્રોગ્રામ એવા પરિવારો માટે ઉપલબ્ધ છે કે જેની આવક સંઘીય દિશાનિર્દેશો હેઠળ આવે છે. મફત અને ઓછી કિંમતવાળો લંચ કાર્યક્રમ નાસ્તા (બ્રેકફાસ્ટ) અને લંચ પર લાગુ થાય છે પરંતુ તેમાં

નાસ્તા (સ્નેક) નો સમાવેશ થતો નથી. માતાપિતા સ્કૂલ ઓફિસ પ્રો પર મફત/ઓછી કિંમતવાળા લંચ માટેની અરજીઓ ભરી શકે છે. જો સ્કૂલ ઓફિસ પ્રો પર આ ફોર્મને પૂર્ણ કરવા અથવા તેમાં ફેરફાર કરવા માટે સહાયની જરૂર હોય તો શાળા કચેરીનો સંપર્ક કરો.

** Pembroke શાળા સમિતિ કિંમતોમાં ફેરફાર કરવાનો અધિકાર ધરાવે છે.*

## ઇન્ટરનેટ સલામતી અને સ્વીકાર્ય ઉપયોગ નીતિ

Pembroke પબ્લિક સ્કૂલ્સ મર્યાદિત શૈક્ષણિક હેતુઓ માટે કર્મચારીઓ અને વિદ્યાર્થીઓને સિસ્ટમ/નેટવર્કની એક્સેસ પૂરી પાડશે, જેમાં બાહ્ય નેટવર્ક્સ (ઈન્ટરનેટ અને વેબસાઈટો) સુધીની પહોંચનો સમાવેશ છે. શૈક્ષણિક હેતુઓને વર્ગખંડની પ્રવૃત્તિઓ, કારકિર્દી અને વ્યાવસાયિક વિકાસ, અને શૈક્ષણિક પ્રકૃતિની યોગ્ય સ્વતંત્ર પ્રવૃત્તિઓ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવશે. સિસ્ટમ/નેટવર્કનો ઉપયોગ વાતચીત (સ્ટાફ, માતાપિતા અને વિદ્યાર્થી) વધારવા, ઉત્પાદકતા વધારવા અને સ્ટાફને વર્તમાન કુશળતાઓમાં સુધારો કરવામાં અને માહિતીના વિસ્તૃત વિનિમય દ્વારા નવી કુશળતા પ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે કરવામાં આવશે. સિસ્ટમ/નેટવર્કનો ઉપયોગ વાલીઓ, સરકારી એજન્સીઓ અને વ્યવસાયો સહિત સમુદાયને માહિતી પૂરી પાડવા માટે પણ કરવામાં આવશે.

સિસ્ટમ/નેટવર્ક સુધીની પહોંચ એ એક વિશેષાધિકાર છે, અધિકાર નથી. બધા વપરાશકર્તાઓએ સિસ્ટમના ઉપયોગને નિયંત્રિત કરતા તમામ વહીવટી નિયમો અને પ્રક્રિયાઓની પ્રાપ્તિ અને સમજણનો સ્વીકાર કરવો જોઈએ અને આવા નિયમો અને પ્રક્રિયાઓનું પાલન કરવા લેખિતમાં સંમત થવું જોઈએ. લાગુ નિયમો અને પ્રક્રિયાઓનું પાલન ન કરવાથી પરિણામસ્વરૂપ Pembroke પબ્લિક સ્કૂલ્સની નીતિઓ પ્રમાણે વપરાશકર્તાના વિશેષાધિકારો અને અન્ય શિસ્તબદ્ધ ક્રિયાઓને સ્થગિત અથવા સમાપ્ત કરવામાં આવી શકે છે. કાયદાના ઉલ્લંઘનને પરિણામે Pembroke પબ્લિક સ્કૂલ્સ દ્વારા ફોજદારી કાર્યવાહી તેમજ શિસ્તભંગની કાર્યવાહી થઈ શકે છે.

### દેખરેખ હેઠળ ઉપયોગ

વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ દ્વારા ઇલેક્ટ્રોનિક મેઇલ ટ્રાન્સમિશન અને ઇલેક્ટ્રોનિક સંસાધનોના અન્ય ઉપયોગને ગુપ્ત ગણવામાં આવશે નહીં અને સૂચનાત્મક અને વહીવટી હેતુઓ માટે થઈને યોગ્ય ઉપયોગની ખાતરી કરવા માટે નિયુક્ત કર્મચારીઓ દ્વારા કોઈપણ સમયે તેનું નિરીક્ષણ કરવામાં આવી શકે છે.

### ફિલ્ટર કરેલ ઍક્સેસ

Pembroke પબ્લિક સ્કૂલ્સ વિદ્યાર્થીઓ અને સ્ટાફને અયોગ્ય સામગ્રીથી બચાવવા માટે ઉપલબ્ધ તકનીકનો ઉપયોગ કરશે. જો કે આ ફિલ્ટરિંગ તકનીક ઉપયોગી છે અને, મોટાભાગના કિસ્સાઓમાં અસરકારક છે, સ્ટાફને ઇન્ટરનેટનો ઉપયોગ કરતા વિદ્યાર્થીઓ માટે સ્થળ પર દેખરેખ (ઓન-સાઈટ સુપરવિઝન) પૂરી પાડવી પડશે. આ તકનીક સ્થળ પર દેખરેખનો વિકલ્પ નથી.

### જવાબદારી

જો વપરાશકર્ત્તાઓ ઇલેક્ટ્રોનિક સંસાધનોનો અયોગ્ય ઉપયોગ અથવા કોપીરાઇટ પ્રતિબંધોનું ઉલ્લંઘન કરશે, વપરાશકર્તાઓ ભૂલો કે બેદરકારી દેખાડશે અથવા વપરાશકર્તાઓ કોઈ ખર્ચા કરશે તો તેના માટે Pembroke

પબ્લિક સ્કૂલ્સ જવાબદાર રહેશે નહિ. Pembroke પબ્લિક સ્કૂલ્સ બાહ્ય નેટવર્ક્સ (ઈન્ટરનેટ અને વેબસાઈટો) પર મળતી કોઈપણ માહિતીની ચોકસાઈ કે ઉપયોગિતાને સુનિશ્ચિત કરવા માટે જવાબદાર રહેશે નહીં.

## લાઇબ્રેરી (પુસ્તકાલય)

દરેક શાળામાં એક લાઇબ્રેરી હોય છે. એક પેરાપ્રોફેશનલ કે જેની મુખ્ય જવાબદારી પુસ્તકાલયની અંદર સંસાધનોનો ઉપયોગ કરવા માટે જરૂરી કુશળતાઓના વિકાસમાં વિદ્યાર્થીઓની મદદ કરવાની છે, તે ત્રણ પ્રાથમિક શાળાઓમાં ફરતા રહેશે. વિદ્યાર્થીઓને દરેક પ્રાથમિક શાળાઓમાં STREAM રોટેશન (બદલાવ) દરમિયાન STREAM (વિજ્ઞાન, ટેકનોલોજી, વાંચન, એન્જિનિયરિંગ, કલા, અને ગણિત) ની તકો આપવામાં આવશે.

### સામગ્રી પસંદગી નીતિ

ચોક્કસ પુસ્તકો અથવા સામગ્રીની યોગ્યતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવી શકે છે. ચોક્કસ સામગ્રીઓ કરતાં વાંચવાની સ્વતંત્રતાના અને સ્ટાફની વ્યાવસાયિક જવાબદારીના સિદ્ધાંતોનો બચાવ થવો આવશ્યક છે.

સમીક્ષા પ્રક્રિયા દરમિયાન શાળાને ઉપયોગમાંથી સામગ્રીને હટાવવાની કોઈ બાધ્યતા રહેશે નહિ.

જો કોઈ ફરિયાદ કરવામાં આવે છે, તો નીચેની પ્રક્રિયાનું પાલન કરવામાં આવશે:

1. ફરિયાદી આચાર્ય સાથે વાત કરશે.
2. જો ફરિયાદીઓને સંતોષ ન થાય, તો તેઓ "લાઇબ્રેરી/મીડિયા સામગ્રીની પુનર્વિચારણા માટેની વિનંતી" માટેનું ફોર્મ ભરશે અને તેને સમીક્ષા માટે સુપરિન્ટેન્ડન્ટની કચેરીમાં મોકલશે.

## આઉટડોર રીસેસ (બાહરી વિશ્રામ)

જ્યારે-જ્યારે હવામાન સાફ હશે ત્યારે-ત્યારે વિદ્યાર્થીઓ બહાર રિસેસ માટે જઈ શકશે. સામાન્ય રીતે એવું લાગતું હોય છે કે જો કોઈ બાળક શાળાએ આવવા માટે પૂરતું તંદુરસ્ત હોય છે, તો તે બાળક બહારની રિસેસનો આનંદ માણવા માટે પણ પૂરતું તંદુરસ્ત હોય છે. કૃપા કરીને તમારા બાળકને સિઝન પ્રમાણે યોગ્ય કપડાં પહેરાવો (દા.ત., ટોપી, મીટન્સ (મોજાં), વગેરે). આ નીતિના અપવાદો તબીબી કારણોસર કોઈ ચિકિત્સક અથવા માતાપિતા તરફથી એક નોંધ પ્રાપ્ત થયા પછી કરવામાં આવે છે.

## માતાપિતા / ટીચર પરિષદો (કોન્ફરંસ)

Pembroke સ્કૂલ કમિટી શાળા અને ઘર વચ્ચેના સારા સંચારના મહત્વનું સમર્થન કરે છે અને માને છે કે માતાપિતા-ટીચર પરિષદો એ શાળા તથા વિદ્યાર્થીના માતાપિતા/સંભાળ રાખનારાઓ વચ્ચેનું એક મહત્વપૂર્ણ જોડાણ છે.

માતાપિતા-ટીચર પરિષદની તારીખો શાળા કેલેન્ડરમાં આપવામાં આવેલ છે.

- માતાપિતા/સંભાળ રાખનારાઓને પરિષદની તારીખો વિશેની સૂચના આપવામાં આવે છે અને તેઓને સૌથી વધુ મેળ ખાતો સમય પસંદ કરવા માટે કહેવામાં આવે છે. જ્યારે પણ શક્ય હોય ત્યારે આ વિનંતીઓનું સન્માન કરવામાં આવે છે.
- પરિષદોમાં તમારા બાળકની પ્રગતિ અને ચિંતાના વિષયો પર ચર્ચા કરવામાં આવે છે.

## નિષ્ઠાનો સંકલ્પ (પ્લેજ ઓફ એલિજન્સ)

દરેક એસેમ્બલી હોલ અથવા આવા દરેક સ્કૂલહાઉસના અન્ય રૂમમાં એક અમેરિકન ધ્વજ પ્રદર્શિત કરવામાં આવશે, જ્યાં દરેક શાળા દિવસે પ્રારંભિક કવાયત યોજવામાં આવે છે. વિદ્યાર્થીઓને જો તેઓ ઈચ્છે તો નિષ્ઠાના સંકલ્પના પાઠમાં ભાગ લેવાની તક આપવામાં આવવી જોઈએ.

## દુરુપયોગ અથવા અવગણનાની જાણ કરવી

જેવું કે કાયદા દ્વારા જરૂરી છે, બાળ દુર્વ્યવહારની કોઈપણ તથા તમામ શંકાસ્પદ ઘટનાઓની જાણ શાળાના કર્મચારીને કરવી આવશ્યક છે.

**સંપર્ક અને સંસાધન વ્યક્તિ**

- આચાર્ય અથવા સહાયક આચાર્ય
- શાળા મનોવિજ્ઞાની
- સામાજિક કાર્યકર
- નર્સ
- વર્ગખંડ ટીચરો

## શાળા બંધ કરવાની અને ઈમરજન્સી ઘોષણાઓ

શાળા બંધ કરવાની, છૂટવાની, અને ઈમરજન્સીની ઘોષણાઓ સ્થાનિક અને બોસ્ટન વિસ્તાર ટીવી અને રેડિયો સ્ટેશનો પર પ્રસારિત કરવામાં આવે છે અને અમારી વેબસાઇટ પર પોસ્ટ કરવામાં આવે છે. તમે અમારી બ્રોડકાસ્ટ ઇમેઇલ સિસ્ટમ અને અમારી સ્વચાલિત ટેલિફોન મેસેજિંગ સિસ્ટમ માટે પણ સાઇન અપ કરી શકો છો. આ સિસ્ટમ તમે શાળામાં જે ટેલિફોન નંબર આપો છો તેનો ઉપયોગ કરે છે, તેથી ખાતરી કરવા વિનંતી કે શાળા પાસે તમારી સૌથી અદ્યતન સંપર્ક માહિતી હોય.

## શાળાની મુલાકાતો/મુલાકાતીઓ

વિદ્યાર્થીઓ અને શાળાના કર્મચારીઓની સલામતીની ખાતરી કરવા માટે સમગ્ર સમુદાયના સહયોગની જરૂર છે. મુલાકાતીઓ અને સ્વયંસેવકોએ મુખ્ય કાર્યાલયમાં આવવાનું રહે છે, ફોટો આઈડી રજૂ કરીને અને સમગ્ર સમય દરમિયાન બિલ્ડિંગમાં મુલાકાતીઓવાળું બેજ પહેરવાનું રહે છે, જેનો હેતુ તમામ વિદ્યાર્થીઓ અને કર્મચારીઓની સલામતીનો છે.

માતાપિતા અથવા સંભાળ રાખનાર સ્ટાફના સભ્યને મળવા માટે સમયસરની એપોઇન્ટમેન્ટ વિના કોઈપણ સમયે શાળાના કલાકો દરમિયાન બિલ્ડિંગમાં પ્રવેશ કરી શકશે નહીં. ટીચરો અને વિદ્યાર્થીઓને આગ્રહ કરવામાં આવે છે કે તેઓ વિના યોગ્ય ઓળખવાળા કોઈપણ મુલાકાતીની શાળામાં જાણ કરે.

## વિભાગ 504 શાળા આવાસ યોજના

તમામ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ, અને સેવાઓ તમામ વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે, અક્ષમ વિદ્યાર્થીઓ સહિત. જ્યારે કોઈ વિદ્યાર્થીને અક્ષમતા માટે કોઈ ખાસ સવલતોની જરૂર હોય છે જે તેના જીવનના મુખ્ય કાર્યમાં નોંધપાત્ર

અવરોધ ઊભો કરે છે, ત્યારે આચાર્ય વિભાગ 504 આવાસ યોજના માટેની પાત્રતા નક્કી કરવા માટે એક ટીમનું ગઠન કરે છે. પુનર્વસન અધિનિયમની કલમ 504 અનુસાર, આ સંજોગોમાં પ્રક્રિયાઓનું પાલન કરવામાં આવે છે. Jessica DeLorenzo એ ડિસ્ટ્રિક્ટ 504 ના કોઓર્ડિનેટર (સંયોજક) છે. તેમનો સંપર્ક 781-826-8740 પર થઈ શકે છે.

## જાતીય સતામણી

અમારું શાળાનું લક્ષ્ય દરેક વિદ્યાર્થી અને કર્મચારી સભ્ય માટે એક સકારાત્મક શિક્ષણ વાતાવરણ ઊભું કરવાનું છે. આ કારણોસર, કોઈ પણ સંજોગોમાં જાતીય સતામણીને માફ કરવામાં આવશે નહીં અથવા મંજૂરી આપવામાં આવશે નહીં. જાતીય સતામણીને અનિચ્છનીય જાતીય વર્તન તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, જે શત્રુતાપૂર્ણ અથવા આક્રામક વાતાવરણ બનાવે છે. તેમાં નામ-બોલવું, જાતીય પ્રકૃતિની લેખિત મૌખિક અથવા ટિપ્પણીઓ, જાતીય પ્રકૃતિનો અનિચ્છનીય શારીરિક સંપર્ક, અથવા જાતીય પ્રકૃતિવાળા અન્ય અનિચ્છનીય વર્તનનો સમાવેશ થઈ શકે છે. જે કોઈપણ વ્યક્તિને લાગતું હોય કે તે જાતીય સતામણીનો ભોગ બન્યો/બની છે તો તેણે તરત જ આચાર્ય, શાળા મનોવિજ્ઞાની, સામાજિક કાર્યકર, એડજસ્ટમેન્ટ કાઉન્સેલર (સમાયોજન સલાહકાર), નર્સ, અથવા વર્ગખંડના ટીચરને તપાસ માટે જાણ કરવી જોઈએ. જરૂરિયાત જણાતા તરત જ સુધારણાત્મક પગલાં લેવામાં આવશે. (અગાઉની શીર્ષક IX માહિતી પર નજર કરો.)

## નિષ્ણાતો

કલા, સંગીત, અને શારીરિક શિક્ષણની સૂચના K-6 ગ્રેડના તમામ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. આ ઉપરાંત, પાંચમા અને છઠ્ઠા ગ્રેડમાં ભાગ લેવા માંગતા લોકો માટે સમૂહગીત (કોરસ) અને વાદ્ય સંગીત પાઠ ઉપલબ્ધ છે. જે પરિવારો ભાગ લેવા માંગતા હોય, તેઓએ સંગીતનાં વાદ્યો ભાડે લેવાના રહે છે.

## પહેરવેશના માપદંડો

અમે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરીએ છીએ કે તેઓ સ્વચ્છ અને આકર્ષક રીતે પોશાક પહેરે જે સ્વયં અને તેમની શાળા માટે ગૌરવનું પ્રદર્શન કરે. વિદ્યાર્થીઓ એવા કોઈપણ કપડાં પહેરી શકશે નહિ કે જે શિક્ષણ પ્રક્રિયામાં અવરોધ ઊભો કરે અથવા અન્યથા આરોગ્ય, સલામતી, અથવા સ્વચ્છતા સાથે કરાર કરતા હોય.

## સહાય સેવાઓ

દરેક પ્રાથમિક શાળા જરૂરિયાત મંદ તમામ બાળકોને સહાય પૂરી પાડે છે. જે વિદ્યાર્થીઓની નિયમિત શિક્ષણમાં અસરકારક રીતે પ્રગતિ થઈ શકતી ન હોય તેઓને શાળાની સૂચનાત્મક સહાય ટીમમાં મોકલવામાં આવે છે. આ ટીમ ટીચરો, માતાપિતા, અને વિદ્યાર્થીઓ સાથે મળીને એવી વ્યૂહરચનાઓ તથા સેવાઓની ઓળખ કરે છે જે વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રગતિને વધારશે. જ્યારે નિયમિત શિક્ષણ સવલતોથી વિદ્યાર્થીની જરૂરિયાતો પૂર્ણ થતી નથી અને કોઈ શંકાસ્પદ અક્ષમતા હોય છે, ત્યારે વિદ્યાર્થીને વિશેષ શિક્ષણ મૂલ્યાંકન માટે મોકલવામાં આવશે. માતાપિતા કોઈપણ સમયે 3 થી 21 વર્ષની ઉંમરના વિદ્યાર્થીને મૂલ્યાંકન માટે મોકલી શકે છે.

દરેક શાળા લર્નિંગ સેન્ટર મારફતે પ્રમાણિત વિશેષ શિક્ષણ શિક્ષક દ્વારા વિશેષ સૂચના પૂરી પાડે છે. આ ઉપરાંત, પેરાપ્રોફેશનલ જેવા સહાયક સ્ટાફ સેવાઓ પૂરી પાડતા વિશેષ શિક્ષણ શિક્ષકની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ કામ કરે છે. વાણી અને ભાષા ચિકિત્સક સંચારમાં અક્ષમતાનું મૂલ્યાંકન તથા ઓળખ કરે છે, જેમાં અભિવ્યક્તિ, ભાષા, વ્યવહારિકતા, અવાજ, અથવા પ્રવાહનો સમાવેશ થાય છે, જે સામાન્ય શિક્ષણ અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રગતિને અટકાવશે. અક્ષમતાની તીવ્રતાને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને વર્ગખંડમાં, નાના જૂથોમાં અથવા વ્યક્તિગત રીતે સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

જો મૂલ્યાંકનમાં વ્યવસાયિક અને શારીરિક ઉપચારોની જરૂરિયાત ઊભી થાય તો તે ઉપલબ્ધ રહે છે. શાળાના મનોવૈજ્ઞાનિકો/સામાજિક કાર્યકરો વર્ગખંડ, નાના જૂથ, અને વ્યક્તિગત સેટિંગોમાં ઓળખાયેલ ભાવનાત્મક, વર્તન, અને સામાજિક મુદ્દાઓ ધરાવતા વિદ્યાર્થીઓને સેવા આપે છે. આ ઉપરાંત, મનોવૈજ્ઞાનિકો સંકટમાં રહેલા વિદ્યાર્થીઓને ટૂંકા ગાળાની સહાય પૂરી પાડે છે, અને શાળાની બહાર સેવાઓ મેળવવા માંગતા પરિવારોને સલાહ આપે છે.

## <u>ટેકનોલોજી</u>

નીતિમાં દર્શાવવામાં આવેલ શૈક્ષણિક હેતુઓ સિવાય, શાળાના કલાકો દરમિયાન સેલ ફોન તથા અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણો (સ્માર્ટ વોચ સહિત પરંતુ તે પૂરતું જ મર્યાદિત નથી) ના ઉપયોગને મંજૂરી નથી અને તેઓને સુરક્ષિત સ્થાને (બેકપેક, પોકેટબુક, વગેરે) રાખવા જોઈએ. સેલ ફોનના અયોગ્ય અથવા અનધિકૃત ઉપયોગના પરિણામે શાળાના કર્મચારીઓ ઉપકરણને મુખ્ય કચેરીમાં લઈ જશે અને સંભવિત શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.

શાળાના કલાકો દરમિયાન પોતાની શાળા દ્વારા આપવામાં આવેલ ઉપકરણ અથવા વ્યક્તિગત ઉપકરણનો ઉપયોગ કરતી વખતે, વિદ્યાર્થીઓ પાસે ટીચરની પરવાનગી હોવી જરૂરી છે અને વિદ્યાર્થી પુસ્તિકામાં જણાવ્યા મુજબ વિદ્યાર્થી આચારસંહિતા તેમજ સ્વીકાર્ય ઉપયોગ કરારનું પાલન કરવું જરૂરી છે. તદુપરાંત, વિદ્યાર્થીએ નીચેની શરતોનું પણ પાલન કરવાનું રહેશે:

- વિદ્યાર્થી પોતાના તકનીકી ઉપકરણની સંપૂર્ણ જવાબદારી લે છે. વિદ્યાર્થીની માલિકીની તકનીકની સુરક્ષા માટે શાળા જવાબદાર નથી.
- વિદ્યાર્થી વ્યક્તિગત ઉપયોગ માટે સોશિયલ નેટવર્ક ટૂલ્સનો ઉપયોગ કરવાનું ટાળશે.
- વિદ્યાર્થી વર્ગના સમય દરમિયાન ઉપકરણને બંધ કરવાના ટીચરના નિર્દેશોનું પાલન કરે છે.
- વિદ્યાર્થીને ધ્યાન છે કે તે પોતાના તકનીકી ઉપકરણોમાંથી શાળામાં પ્રિન્ટિંગ કરી શકશે નહિ.
- વિદ્યાર્થી ફક્ત એવા ઉપકરણ અથવા ઇન્ટરનેટ સાઇટો પર ફાઇલો સુધીની પહોંચ બનાવશે જે વર્ગખંડના અભ્યાસક્રમ સાથે સંબંધિત છે.
- વિદ્યાર્થી ફક્ત અમારા સુરક્ષિત શાળા નેટવર્કનો ઉપયોગ કરીને ઇન્ટરનેટનો ઉપયોગ કરશે.
- વિદ્યાર્થી સ્વીકારે છે કે અમારા નેટવર્ક ફિલ્ટર ઇન્ટરનેટ મારફતે કોઈ પણ કનેક્શન પર લાગુ કરવામાં આવશે અને તેઓને બાયપાસ કરવાનો પ્રયત્ન કરશું નહીં.
- વિદ્યાર્થીને ખ્યાલ છે કે શાળાની મિલકત પર "હેકિંગ", ફેરફાર, અથવા નેટવર્ક સુરક્ષા નીતિઓને બાયપાસ કરવાથી સંબંધિત માહિતીની પ્રક્રિયા કરવી અથવા ઍક્સેસ કરવી એ સ્વીકાર્ય ઉપયોગ કરાર નીતિનું

ઉલ્લંઘન છે અને તેના પરિણામે શિસ્તપૂર્ણ પગલાં લેવામાં આવશે.

**ટેકનોલોજીનો ઉપયોગ**

*સાધનોના નિયમો અને દિશાનિર્દેશો*

નિયમો અને નિયમનો અહિયાં એટલા માટે આપવામાં આવ્યા છે જેથી વિદ્યાર્થીઓ અને માતાપિતા/વાલીઓને એવી જવાબદારીઓની જાણ થાય કે જેનો સ્વીકાર વિદ્યાર્થી જિલ્લાની માલિકીના તકનીકી સાધનોનો ઉપયોગ કરતી વખતે કરે છે. નીચે આપવામાં આવેલ દિશા-નિર્દેશો તથા નિયમો તકનીકના ઉપયોગમાં લાગુ થાય છે જ્યારે કોઈ બાળક શારીરિક રીતે શાળામાં હાજર હોય છે અને દૂરસ્થ શિક્ષણના દિવસો દરમિયાન. સામાન્ય રીતે, Pembroke પબ્લિક સ્કૂલ્સ તકનીકના ઉપયોગ માટે તમામ તકનીકી સંસાધનોનો કાર્યક્ષમ, નૈતિક, અને કાનૂની ઉપયોગ થાય તે જરૂરી છે. આ નિયમો અને દિશાનિર્દેશોનું ઉલ્લંઘન થવાથી મેસેચ્યુસેટ્સ જનરલ લોઝ પ્રકરણ 71, કલમ 37H, 37H 1⁄2 અને 37H 3⁄4 તેમજ 603 CMR 53.00 વગેરે હેઠળ લાગુ શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે.

i. સામાન્ય દિશાનિર્દેશો: ટેકનોલોજીના તમામ ઉપયોગમાં:
   1. શીખવામાં મદદ કરવી જોઈએ
   2. સ્થાનિક, રાજ્ય, અને સંઘીય કાયદાઓનું પાલન થવું જોઈએ
   3. શાળા માટે યોગ્ય થવું જોઈએ

ii. સુરક્ષા રીમાઇન્ડર્સ (અનુસ્મારક):
   1. લૉગિન અથવા પાસવર્ડ શેર કરશો નહીં
   2. અપવાદ: વિદ્યાર્થીઓ માતાપિતા અથવા વાલીઓ સાથે પાસવર્ડ શેર કરી શકે છે
   3. અન્યને હેરાન કરવા, હેક કરવા, વાયરસ લાવવા, અથવા અન્યની ફાઇલોને બદલવા માટે પ્રોગ્રામ વિકસાવશો નહીં
   4. PPS (પેમબ્રોક પબ્લિક સ્કૂલ્સ) ટેકનોલોજી વપરાશકર્તા કરાર-નીતિ IJNDB માં દર્શાવેલ ઇન્ટરનેટ સલામતી દિશા-નિર્દેશોનું પાલન કરો

iii. ટીચરની પરવાનગીની જરૂરિયાતવાળી પ્રવૃત્તિઓ:
   1. વર્ગ દરમિયાન સાધનોનો ઉપયોગ કરવો
   2. વર્ગમાં હેડફોનોનો ઉપયોગ કરવો

iv. અયોગ્ય સામગ્રી: બધી પહોંચવાળી સામગ્રી (ફાઇલો, ઇન્ટરનેટ સાઇટો, એપ્લિકેશનો) શાળા માટે યોગ્ય હોવી જોઈએ. અયોગ્ય સામગ્રીમાં નીચેનાનો સ્પષ્ટ અથવા ગર્ભિત સંદર્ભોનો સમાવેશ થાય છે:
   1. આલ્કોહોલ, તમાકુ અથવા ડ્રગ્સ
   2. ગેંગ (ટોળકીઓ)
   3. અશ્લીલ ભાષા અથવા નગ્નતા
   4. બદમાશી અથવા પજવણી

5. ભેદભાવપૂર્ણ અથવા પૂર્વગ્રહયુક્ત વર્તન

v. થમ્બ ડ્રાઇવ્સ: તમામ જિલ્લા નિયમો અને દિશા-નિર્દેશો જિલ્લાના સાધનોમાં પ્લગ કરવામાં આવેલ કોઈપણ થમ્બ ડ્રાઇવ પર લાગુ પડે છે

# ગ્રેડ PK-6 જવાબદાર ઉપયોગ માર્ગદર્શિકા

| આદરણીય | |
|---|---|
| | હું ઓનલાઈન દયાળુ અને આદરણીય બનીશ. |
| | હું ઉપકરણોની સંભાળ રાખીશ. |
| | હું ફક્ત ત્યારે જ અન્ય વિદ્યાર્થીઓના ફોટા લઈશ કે ઈન્ટરનેટ પર શેર કરીશ જ્યારે વર્ગ પ્રોજેક્ટ માટે આમ કરવું જરૂરી હોય. |
| | હું સકારાત્મક ઓનલાઇન શાળા સમુદાયમાં ફાળો આપીશ. |
| | હું સમજું છું કે અમારા ઉપકરણો શિક્ષણ માટે છે. |

| જવાબદાર | |
|---|---|
| | હું મારા પાસવર્ડને સુરક્ષિત રાખીશ અને ફક્ત યોગ્ય પુખ્ત વયના લોકો સાથે શેર કરીશ. |
| | હું ફક્ત એવી એપ્લિકેશનો અને વેબસાઇટોનો ઉપયોગ કરીશ કે જેની મંજૂરી મારા ટીચર આપશે. |
| | જ્યારે મને કોઈ અણધારી અથવા તો અયોગ્ય સામગ્રી અથવા વર્તન જોવા મળે છે તો તેની જાણ હું ટીચર અથવા સ્ટાફના સભ્યને કરીશ. |

| પ્રામાણિક | |
|---|---|
| | હું મારા દ્વારા તૈયાર કરેલ કાર્યને સબમિટ કરીશ અને સ્રોતોને યોગ્ય શ્રેય આપીશ. |
| | હું ફક્ત મારા એકાઉન્ટને જ ઍક્સેસ કરીશ. |
| | ટીચર દ્વારા મંજૂર થયા બાદ હું અન્ય વિદ્યાર્થીઓ સાથે મારા કાર્યને શેર કરીશ. |

**દૈનિક અપેક્ષાઓ**

તમારી પાસે અપેક્ષા કરવામાં આવે છે કે તમે તમારું Pembroke Chromebook અથવા iPad દરરોજ શાળામાં લાવશો અને તમે તેની કાળજીપૂર્વક સંભાળ કરશો. શાળા પહેલાં તમારું ઉપકરણ પૂરી રીતે ચાર્જ થયેલ હોવું જોઈએ અને સમગ્ર દિવસ દરમિયાન સાચવીને રાખવામાં આવવું જોઈએ. તમારા ક્લાસરૂમ ટીચર નિર્ધારિત નિયમો અને અપેક્ષાઓ તથા Pembroke પબ્લિક સ્કૂલ્સની આચારસંહિતાની અપેક્ષાઓનું પાલન કરો.

**ઉપકરણની સંભાળ**

જ્યારે Chromebook તમારા બેકપેકની અંદર હોય ત્યારે ઉપકરણની કાળજીપૂર્વક સંભાળ કરો. તમારા ઉપકરણને એવા બેકપેકમાં મૂકો કે જેમાં ખોરાક, પ્રવાહી, તથા ભારે અથવા ધારદાર પદાર્થ ન હોય કે જેનાથી ઉપકરણને નુકસાન થઈ શકે એમ હોય. ઉપકરણની આસપાસ રહીને ખાવું કે પીવું નહીં કારણ કે તેની પર પડવાથી ઉપકરણને કાયમી નુકસાન થઈ શકે છે. કોઈપણ પ્રકારની ક્ષતિ અથવા તો તૂટ્યાની જાણ તરત જ તમારા ટીચરને કરો. તમને ફક્ત એક જ ચાર્જર મળે છે, તેથી કૃપા કરીને તેનું ધ્યાન રાખો.

**નુકસાન**

જેવી જ તમને ખબર પડે કે Pembroke તરફથી આપવામાં આવેલ તમારું Chromebook ક્ષતિગ્રસ્ત થયું છે તો તેને જલ્દીથી તમારી શાળામાં લાવવા વિનંતી. મહેરબાની કરીને ધ્યાન આપો કે સમારકામ માટે ઉપકરણોને Pembroke પબ્લિક સ્કૂલ્સમાં મોકલવા આવશ્યક છે. Pembroke ના ઉપકરણને કોઈપણ અન્ય પ્રદાતા પાસે લઈ જવાથી ઉપકરણ સાથેની અમારી વોરંટી રદબાતલ થઈ જશે. કેટલાક નુકસાનને Pembroke ના ટેકનિશિયન ઠીક (સારું) કરી દે છે અને અન્ય માટે અમને ઉપકરણને રિપેર માટે મોકલવા પડે છે. વોરંટીમાં વસ્તુના સામાન્ય ઉપયોગ દરમિયાન થતા યુનિટની અંદર કે તેની ઉપર પડનારી કોઈ પણ વસ્તુ, ટીપાં, પડી જવું, સ્ક્રીન તૂટી જવી, અને વિદ્યુત ઉછાળાને આવરી લેવામાં આવતા નથી. વોરંટીમાં કોસ્મેટિક નુકસાન અને/અથવા ઉપકરણની કાર્યક્ષમતાને અસર ન કરતાં અન્ય નુકસાન અથવા ઇરાદાપૂર્વકના નુકસાનનો સમાવેશ થતો નથી.

**નુકસાન અને સમારકામ ખર્ચ**

જો તમારા બાળકના નુકસાનવાળા ઉપકરણ ખર્ચ કુલ ખર્ચથી વધુ છે, તો ઉપકરણના આધારે નુકસાન માટે રિપ્લેસમેન્ટ (બદલવાની) ફી લાગશે. અમારી પાસે લવચીક ચુકવણી વિકલ્પો ઉપલબ્ધ છે.

તૂટેલી Chromebook સ્ક્રીન: $ 50.00

તૂટેલી iPad સ્ક્રીન: $ 125.00

Chromebook બહારનું આવરણ: $ 50.00

iPad બહારનું આવરણ: $ 100.00

Chromebook કીબોર્ડ સમારકામ: $ 40.00

ખોવાયેલ ચાર્જર: $ 30.00

Chromebook અથવા iPad ને સ્ટીકરો અથવા અન્ય નિશાનીઓ વડે ખરાબ કરવું: $ 100.00

Chromebook સંપૂર્ણ ઉપકરણ રિપ્લેસમેન્ટ: $ 300.00

iPad સંપૂર્ણ ઉપકરણ રિપ્લેસમેન્ટ: $ 330.00

### ખોવાયેલા અથવા ચોરાઈ ગયેલા ઉપકરણો

જો ઉપકરણ ખોવાઈ જાય અથવા તો ચોરાઇ જાય તો અમારી પાસે ઉપકરણને લોક કરવાના વિકલ્પો છે તેમજ ઉપકરણને પરત કરવા અંગેના નિર્દેશો પણ છે. જો તમારું ઉપકરણ ખોવાઈ જાય, તો કૃપા કરીને ટેક્નોલોજી વિભાગને તાત્કાલિક જાણ કરો જેથી આ પ્રક્રિયા શરૂ કરી શકાય.

## પરીક્ષણ અને મૂલ્યાંકન

Pembroke શાળાઓના તમામ વિદ્યાર્થીઓ માટે પરીક્ષણનું એક સમયપત્રક નક્કી કરવામાં આવ્યું છે. DIBELS (મૂળભૂત પ્રારંભિક સાક્ષરતા કૌશલ્યના ગતિશીલ સૂચકાંકો) નો ઉપયોગ કરીને વર્ષમાં ઘણી વખત વાંચન સ્તરનું ઔપચારિક મૂલ્યાંકન કરવામાં આવે છે. રાજ્ય મૂલ્યાંકનો (MCAS) નું સંચાલન સ્પ્રિંગ (વસંતઋતુ) માં ગ્રેડ 3-6 માં કરવામાં આવે છે. માતાપિતાને પરીક્ષણની તારીખો અને સમયપત્રકની અગાઉથી સૂચના આપવામાં આવશે. રાજ્ય પરીક્ષણ દરમિયાન વિદ્યાર્થીઓ શાળામાં હાજર રહે તે હિતાવહ છે.

### રિપોર્ટ કાર્ડો

| |
|---|
| કિન્ડરગાર્ટન રિપોર્ટ કાર્ડ ઉદાહરણ |
| પ્રથમ ગ્રેડ રિપોર્ટ કાર્ડ ઉદાહરણ |
| દ્વિતીય ગ્રેડ રિપોર્ટ કાર્ડ ઉદાહરણ |
| તૃતીય ગ્રેડ રિપોર્ટ કાર્ડ ઉદાહરણ |
| ચોથા ગ્રેડના રિપોર્ટ કાર્ડનું ઉદાહરણ |
| પાંચમા ગ્રેડના રિપોર્ટ કાર્ડનું ઉદાહરણ |
| છઠ્ઠા ગ્રેડના રિપોર્ટ કાર્ડનું ઉદાહરણ |

### ટાઈટલ વન સેવાઓ (Bryantville)

ટાઈટલ વન એ Bryantville એલિમેન્ટરી સ્કૂલનો એક સંઘીય શિક્ષા કાર્યક્રમ (સંઘ દ્વારા ભંડોળ પ્રાપ્ત) છે, જેની રચના ગ્રેડ 1-6 ના એવા વિદ્યાર્થીઓને વાંચનમાં સહાય પૂરી પાડવા માટે કરવામાં આવેલ છે, જેઓને ક્લાસ પછી પણ સહાયની જરૂરિયાત હોય છે. વિદ્યાર્થીઓની પસંદગી તેમના મૂલ્યાંકનના પરિણામો, ટીચરની ભલામણ, અને માતાપિતાના પ્રયત્નો (ઇનપુટ) ના આધારે ટાઈટલ વન સેવા માટે કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને વાંચનમાં વિશેષ સહાય ટાઈટલ વનના એવા સ્ટાફ દ્વારા પૂરી પાડવામાં આવે છે જે દરેક વિદ્યાર્થી સાથે વ્યક્તિગત રીતે અથવા નાના જૂથોમાં સીધા કામ કરે છે. ક્લાસરૂમ ટીચરો અને વાંચન નિષ્ણાત એવા સહાયના ક્ષેત્રોને નિર્દેશિત કરે છે જે ટાઈટલ વન સ્ટાફ બાળકોને આપે છે.

## દસ્તાવેજોનું ભાષાંતર

જે માતાપિતા/વાલીઓની પ્રાથમિક ભાષા અંગ્રેજી નથી તેઓ તમામ સૂચનાઓ અને દસ્તાવેજો તેમની મૂળ ભાષામાં ઉપલબ્ધ કરાવવાની વિનંતી કરી શકે છે. કોન્ફરન્સો અને મીટિંગો માટે ભાષાંતર સેવાઓની વિનંતી કરી શકાય છે અને તેને અગાઉથી સૂચનાની સાથે આપવામાં આવી શકે છે.

## પરિવહન (ટ્રાન્સપોર્ટેશન)

બસ પરિવહન મેસેચ્યુસેટ્સના સામાન્ય કાયદા અનુસાર પૂરું પાડવામાં આવે છે.

A. કોમનવેલ્થના સામાન્ય કાયદાઓ દર્શાવે છે કે:

- શાળા સમિતિ એવા તમામ વિદ્યાર્થીઓ માટે પરિવહન સેવા પૂરી પાડશે જેઓનું ઘર શાળાથી બે (2) માઇલ કરતા વધુ દૂર છે.
- જો અંતર બાળકના નિવાસસ્થાનથી એક (1) માઇલથી વધુ ન હોય તો બાળકને બસ સ્ટોપ સુધી ચાલીને આવવું પડી શકે છે.
- કોઈ પણ શાળા સમિતિને ખાનગી રીતે પરિવહન પૂરું પાડવા માટે બાધ્ય કરવામાં આવશે નહીં.
- દરેક બસ ડ્રાઈવરે રોજગારમાં પ્રવેશતા પહેલા મેન્ટોક્સ (ટીબી) ટેસ્ટ કરાવવો પડશે. (પ્રકરણ 71, વિભાગ 55b)

B. બસ પાસ

- બસમાં ચડવા માટે વિદ્યાર્થીઓ પાસે બસ પાસ હોવો આવશ્યક છે.
- બસમાં મુસાફરી કરતા તમામ લોકો માટે જરૂરી છે.
- બસના ચાલકને પાસ દેખાતો હોવો જોઈએ.
- એલિમેન્ટરી બસ પાસ નિઃશુલ્ક છે, પરંતુ તેમ છતાં બસ પાસ ફોર્મનો ઉપયોગ કરીને અરજી કરવાની રહે છે.

C. વિદ્યાર્થી શિસ્ત

- વિદ્યાર્થીઓએ બસના સલામત સંચાલનમાં દખલ ન કરવી જોઈએ. તેઓ પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ દરેક શાળામાં જાહેર કરેલા નિયમોનું પાલન કરે. ડ્રાઇવરો ફક્ત તેવા લોકોને જ બસમાં મુસાફરી કરવાની મંજૂરી આપશે જેઓને તેમની બસમાં નિયુક્ત કરવામાં આવ્યા છે. ડ્રાઈવર વિદ્યાર્થીઓને તેમના નિયુક્ત સ્ટોપ સિવાય અન્ય કોઈ સ્થાનેથી બસમાં બેસાડશે નહિ કે ઉતારશે નહિ.
- શાળા વહીવટતંત્ર કોઈપણ વિદ્યાર્થીને બસના યોગ્ય સંચાલનમાં દખલ ઊભો કરતા અથવા વર્તનને લગતા ઉલ્લંઘન માટે બસ વિશેષાધિકારોથી હટાવી શકે છે.

D. બસ સ્ટોપો અને સલામતી:

- વહીવટીતંત્ર વિદ્યાર્થીઓની સલામતીના શ્રેષ્ઠ હિતમાં અને શેડ્યૂલ માટેની સમયની જરૂરિયાતો, તેમજ નાણાકીય અવરોધોને કારણે થતા ફેરફારોને અનુરૂપ દર વર્ષે યોગ્ય બસ સ્ટોપોની સ્થાપના કરશે.
- જે વિદ્યાર્થીઓને સ્ટ્રીટની બીજી બાજુએથી આવવાનું રહે છે તેઓ બસની સામેથી ક્રોસ કરશે.
- Pembroke સ્કૂલ બસોમાં સલામતીનું ધ્યાન રાખીને વિડીયો કેમેરા પણ રાખવામાં આવતા હોય છે.

## સ્વયંસેવક કાર્યક્રમ

સંભાળ રાખનાર સ્વયંસેવકની ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં આવે છે. તે અમારી શાળા કાર્યક્રમનું એક આવશ્યક તત્વ છે. આના વડે શિક્ષણમાં સમૃદ્ધિ આવે છે અને ટીચરો શિક્ષણની પાછળ જે સમય વિતાવે છે તેની માત્રામાં વધારો થાય છે. બાળકોનું મૂલ્યાંકન અને પરીક્ષણ ટીચર માટે અનામત રહેશે. રાજય કાયદા પ્રમાણે અમારી શાળા બિલ્ડિંગના તમામ સ્વયંસેવકોને CORI તપાસ કરાવવી ફરજિયાત છે અને દરેક પાસે અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ માતાપિતા સ્વયંસેવકો માટેની માર્ગદર્શિકાનું પાલન કરે, જેનો ઉલ્લેખ દરેક શાળામાં કરવામાં આવેલ છે.

## સુખાકારી

**ખાદ્ય એલર્જી:**

ખાદ્ય એલર્જી અને એનાફિલેક્સિસ સંભવિતપણે જીવન માટે જોખમ ઉત્પન્ન કરનારી પરિસ્થિતિઓ છે. તમામ Pembroke શાળાઓ ઓળખ સાબિત થયેલ વિદ્યાર્થીઓ માટે એક વ્યક્તિગત આરોગ્ય સંભાળ યોજના (IHP) તેમજ દવા વહીવટ યોજના વિકસાવવા માટે જવાબદાર છે. સ્ટાફ શાળાની નર્સ અને માતાપિતા સાથે મળીને કામ કરશે જેથી કરીને સામાન્ય લક્ષણોને સમજી શકાય, એલર્જનથી બચવા માટેની વ્યવસ્થા કરી શકાય, અને સાથીદારોને શિક્ષિત કરી શકાય. જો તમારું બાળક એવા રૂમમાં છે જે "ખાદ્ય એલર્જી ક્લાસરૂમ" છે તો શાળા વર્ષની શરૂઆતમાં ઘરે એક નોટિસ મોકલવામાં આવશે. આ નોંધમાં ઉલ્લેખ જોવા મળશે કે કેવી રીતે વર્ગખંડને "એલર્જીથી વાકેફ" કરી શકાય છે અને અન્ય કોઈપણ સાવચેતી વિશેનું ધ્યાન રાખવાની જરૂર છે.

જરૂરિયાત મુજબ કાફેટેરિયામાં ખાદ્ય એલર્જી કોષ્ટકો રાખવામાં આવે છે. જરૂરિયાત મુજબ વર્ગખંડમાં નાસ્તાની તપાસ કરવામાં આવશે. સહપાઠીઓના માતાપિતા/વાલીઓને વિનંતી છે કે તેઓ ખાદ્ય એલર્જી ધરાવતા લોકો પ્રત્યે સંવેદનશીલ રહે અને ઘરેથી શાળામાં મોકલવામાં આવતા ખોરાકના પ્રકારોને ધ્યાનમાં રાખે.

**જન્મદિવસો અને રજાઓની ઉજવણી**

વર્ષના કોઈપણ સમયે ઉજવણી માટે વર્ગમાં ખાદ્ય પદાર્થની મંજૂરી આપવામાં આવશે નહીં. વર્ગો ટીચરની વિવેકબુદ્ધિના આધારે વિદ્યાર્થીના જન્મદિવસની ઉજવણી કરવાનો વિકલ્પ પસંદ કરી શકે છે; જો કે, જન્મદિવસની પાર્ટી નિમિતે વર્ગમાં કોઈપણ પ્રકારનો ખાદ્ય પદાર્થ લાવી કે પહોંચાડી શકાશે નહીં. વૈકલ્પિક "ઉપહાર" માટેના વિકલ્પો છે સ્ટીકર, પેન્સિલ, ઇરેઝર વગેરે. જો ખાદ્ય પદાર્થ અજાણતાં શાળામાં મોકલવામાં આવે છે, તો તેને મુખ્ય કાર્યાલયમાં કોઈ પુખ્ત વયના વ્યક્તિ દ્વારા પિક-અપ માટે રાખવામાં આવશે, અને જો પિક-અપ માટેની કોઈ વ્યવસ્થા કરવામાં ન આવે તો દિવસના અંતે તેને ફેંકી દેવામાં આવશે. સ્કૂલ બસોમાં પણ કોઈપણ પ્રકારના ખાદ્ય પદાર્થોનું વિતરણ કરી શકાશે નહીં.

શીખવવામાં આવતા મર્યાદિત પાઠોમાં ખાદ્ય પદાર્થોનો હેરફેર (મેનીપ્યુલેટિવ) અથવા નિદર્શન સાધનો તરીકે સમાવેશ કરવામાં આવશે. ટીચરોએ ખાદ્ય પદાર્થો સાથે સંકળાયેલા પાઠ/પ્રવૃત્તિઓ માટે મંજૂરી લેવાની રહે છે, અને મંજૂરી મર્યાદિત રહેશે. શિક્ષકોએ ખાદ્ય-પદાર્થ સંબંધિત તબીબી મુદ્દાઓની ગંભીરતા વિશે સચેત રહેવું જોઈએ, અને ભલે પછી તેમના વર્ગમાં કોઈ પણ વિદ્યાર્થીને આવી સમસ્યાઓ ન હોય તો પણ, તેઓએ વહીવટીતંત્ર પાસેથી ખાદ્ય-પદાર્થને લગતી કોઈપણ પ્રવૃત્તિઓ માટે મંજૂરી લેવી પડશે અને શાળાની નર્સ સાથે અગાઉથી પરામર્શ કરવો આવશ્યક છે. જો મંજૂરી મળી જાય, તો ટીચરોએ પ્રવૃત્તિ વિશે તમામ માતાપિતાને જાણ કરવી આવશ્યક છે.

વિદ્યાર્થીઓને પુરસ્કારો અથવા પ્રોત્સાહનો તરીકે કોઈપણ પ્રકારનો આહાર આપવામાં આવશે નહીં. PSC નીતિ ADF મુજબ: આરોગ્ય અને સુખાકારી: શાળા કર્મચારીઓને શૈક્ષણિક પ્રદર્શન અને/અથવા સારા વર્તન માટે પ્રત્યક્ષ પુરસ્કાર તરીકે શારીરિક પ્રવૃત્તિઓ (દા.ત., વધારાની રિસેસ, શારીરિક શિક્ષણનો સમય, વગેરે) નો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

**Pembroke પબ્લિક સ્કૂલ્સ**

**નાગરિક અધિકાર કાયદા/ડિસ્ટ્રિક્ટ સંયોજક માહિતી**

Pembroke પબ્લિક સ્કૂલ્સ દ્વારા પ્રદાન કરવામાં આવેલ તમામ કાર્યક્રમો, પ્રવૃત્તિઓ અને રોજગારની તકો જાતિ, રંગ, લિંગ, ધર્મ, રાષ્ટ્રીય મૂળ, જાતીય અભિગમ, લિંગ ઓળખ, અપંગતા અથવા અસમર્થતાને ધ્યાનમાં લીધા વિના આપવામાં આવે છે. આ અભ્યાસના અમલીકરણ સંબંધિત પ્રશ્નો નીચે જણાવેલ યોગ્ય સંયોજકને પૂછવા જોઈએ:

**શીર્ષક VI: *1964 ના નાગરિક અધિકાર અધિનિયમનું શીર્ષક VI*** સંઘીય નાણાકીય સહાય મેળવતા કાર્યક્રમો અથવા પ્રવૃત્તિઓમાં જાતિ, રંગ અથવા રાષ્ટ્રીય મૂળના આધારે ભેદભાવ, સહભાગિતામાંથી બહિષ્કાર અને લાભોને નકારવા પર પ્રતિબંધ મૂકે છે. શીર્ષક VI ને 42 USC 2000d *વગેરે* પર કોડીફાઇડ (સંહિતાબદ્ધ) કરવામાં આવ્યું છે; આ હેઠળ ફેડરલ રેગ્યુલેશન્સ કોડમાં 34 CFR ભાગ 100 માં નિયમો જાહેર કરવામાં આવ્યા છે.

**સંયોજકો**

| | |
|---|---|
| Jessica DeLorenzo<br>વિદ્યાર્થી સેવાઓના ડાયરેક્ટર<br>72 Pilgrim Road<br>Pembroke, MA 02359<br>781-829-0832 | Michael Murphy<br>આચાર્ય<br>North Pembroke એલિમેન્ટરી<br>72 Pilgrim Road<br>Pembroke, MA 02359<br>781-826-5115 |

**વિભાગ 504: *1973 ના પુનર્વસન અધિનિયમની કલમ 504***
સંઘીય નાણાકીય સહાય પ્રાપ્ત કરતા કાર્યક્રમો અથવા પ્રવૃત્તિઓમાં અસમર્થતાના આધારે ભેદભાવ, ભાગીદારીમાંથી બહિષ્કાર, અને લાભોને નકારવા પર પ્રતિબંધ છે. વિભાગ 504 ને 29 U.S.C. 794 પર કોડીફાઇડ કરવામાં આવ્યો છે; તેના હેઠળ 34 CFR ભાગ 104 માં નિયમો જાહેર કરવામાં આવ્યા છે.

**સંયોજક**

Jessica DeLorenzo
વિદ્યાર્થી સેવાઓના ડાયરેક્ટર
72 Pilgrim Road
Pembroke, MA 02359
781-829-0832

**શીર્ષક IX: *1972 ના શિક્ષણ સુધારાઓનું શીર્ષક IX***
સંઘીય નાણાકીય સહાય પ્રાપ્ત કરતા શૈક્ષણિક કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં લિંગના આધારે ભેદભાવ, ભાગીદારીમાંથી બહિષ્કાર, અને લાભોને નકારવા પર પ્રતિબંધ છે. શીર્ષક IX ને 20 U.S.C.1681 *વગેરે* પર કોડીફાઇડ કરવામાં આવ્યું છે; તેના હેઠળ 34 CFR ભાગ 106 માં નિયમો જાહેર કરવામાં આવ્યા છે.

**સંયોજકો**

| | |
|---|---|
| Jessica DeLorenzo<br>વિદ્યાર્થી સેવાઓના ડાયરેક્ટર<br>72 Pilgrim Road<br>Pembroke, MA 02359<br>781-829-0832 | Michael Murphy<br>આચાર્ય<br>North Pembroke એલિમેન્ટરી<br>72 Pilgrim Road<br>Pembroke, MA 02359<br>781-826-5115 |

**અસમર્થ વ્યક્તિ માટે શિક્ષણ અધિનિયમ (IDEA) 2004: *અસમર્થ વ્યક્તિઓ 2004 નો શિક્ષણ અધિનિયમ***
વિશેષ શિક્ષણનું સંચાલન કરે છે. IDEA 2004 નો અધિકાંશ ભાગ 20 U.S.C. 1400 *વગેરે* પર કોડીફાઇડ કરવામાં આવ્યો છે; તેના હેઠળ 34 CFR 300 માં નિયમો જાહેર કરવામાં આવ્યા છે.

**સંયોજક:**

Jessica DeLorenzo
વિદ્યાર્થી સેવાઓના ડાયરેક્ટર
72 Pilgrim Road
Pembroke, MA 02359
781-829-0832

**શીર્ષક II: *1990 ના અસમર્થ અમેરિકનોનું શીર્ષક II***
જાહેર સંસ્થાઓમાં અસમર્થતાના આધારે ભેદભાવ, ભાગીદારીમાંથી બહિષ્કાર, અને લાભોને નકારવા પર પ્રતિબંધ છે. શીર્ષક II ને 42 U.S.C.12131 *વગેરે* પર કોડીફાઇડ કરવામાં આવ્યું છે; તેના હેઠળ 28 CFR ભાગ 35 માં નિયમો જાહેર કરવામાં આવ્યા છે.

**સંયોજકો**

| | |
|---|---|
| JessicaDeLorenzo<br>વિદ્યાર્થી સેવાઓના ડાયરેક્ટર<br>72 Pilgrim Road<br>Pembroke, MA 02359<br>781-829-0832 | Michael Murphy<br>આચાર્ય<br>North Pembroke એલિમેન્ટરી<br>72 Pilgrim Road<br>Pembroke, MA 02359<br>781-826-5115 |

***McKinney-Vento બેઘર સહાયતા અધિનિયમ, ડિસેમ્બર 2001 માં ફરીથી અધિકૃત કરવામાં આવ્યો***
ફેડરલ નો ચાઇલ્ડ લેફ્ટ બિહાઈન્ડ એક્ટ (કોઈપણ બાળક છૂટવું જોઈએ નહિ અધિનિયમ) નો ભાગ, બેઘર બાળકો અને યુવાનો માટે શૈક્ષણિક અધિકારો અને સુરક્ષાની ખાતરી કરે છે અને જરૂરી છે કે શાળા જિલ્લાઓ આ જરૂરિયાતમંદ જોખમ ધરાવતી વસ્તીના શિક્ષણ સંબંધિત આવશ્યકતાઓના નવા સેટનો સ્વીકાર કરે. આ અધિનિયમ વિશેની માહિતી મેસેચ્યુસેટ્સ શિક્ષણ વિભાગની બેઘર શિક્ષણ સલાહમાં ઉપલબ્ધ છે.

**સંયોજક**

Jessica DeLorenzo
વિદ્યાર્થી સેવાઓના ડાયરેક્ટર
72 Pilgrim Road
Pembroke, MA 02359
781-829-0832